सत्यं वद

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

धर्मं चर

# ॥ વેદ રહસ્ય ॥




## પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી
## અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની જન્મભૂમિ પર

# " અખંડ જીવન જ્યોત "

**સ્થળ : મુ. પીપળીયા, તા. શિહોર, જિ. ભાવનગર.**


વર્ષ ૩૮ સંવત ૨૦૭૨ પોષ, ફેબ્રુઆરી – ૨૦૧૬, અંક – ૨

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૧૮મો નિર્વાણ જયંતિ મહોત્સવ
માગશર વદ સાતમ તા. ૧૦-૧૨-૧૯૯૮ના શુભ દિવસે




પરમ પૂજ્ય અનંતશ્રી વિભુષિત મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની
અધ્યક્ષતામાં ધામધુમથી ચાણોદધામમાં ઉજવાયો હતો. સ્થળઃ મુ. ચાણોદ, તા. ડભોઈ, જિ. વડોદરા.

સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષઃ ૩૮ / ફેબ્રુઆરી–૨૦૧૬ / અંક–૨

## અનુક્રમણિકા

| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૭ | ૧૩૫ મો નિર્વાણ જયંતિ મહોત્સવ <br> રજુ. ઈશ્વર વિઠ્ઠલભાઈ સાચપરા (અધેવાડા) |
| ૧૫ | શ્રી માધવાનંદ આશ્રમ (રાજપરાભાલ) <br> રજુ. કોશીયા ચિરાગ જી. રાજપરા (ભાળ) |
| ૧૭ | એકાદશી એક મહાન તપ <br> રજુ. કોમલ ઉમેશભાઈ ગોરસીયા (મોર ચુપણા) |
| ૧૯ | બે વાતનું સ્મરણ જો રહે... <br> રજુ. મધુબેન ડી. બોઘરા (પીપરીયા) |
| ૨૦ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૧ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર <br> સંકલિત |

જય સચ્ચિદાનંદ

ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*અગ્રે વહ્નિઃ પૃષ્ઠે ભાનૂ રાત્રૌ ચિબુકસમર્પિતજાનુઃ ।*
*કરતલભિક્ષા તરુતલવાસસ્તદપિ ન મુંચત્યાશાપાશઃ ।*
*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥ ૮ ॥*

### ભાવાર્થ

*દિવસે આગળ અગ્નિ અને પાછળ સૂર્યના તાપથી શરીર તપાવે છે, રાત્રે ઘુંટણમાં હડપચી દબાવી પડી રહે છે. હાથમાં ભિક્ષા માંગી લાવે છે. વૃક્ષની નીચે પડી રહે છે તો પણ આશાનો પાશ છુટતો જ નથી. તેથી હે મૂઢ ! નિત્ય ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ્ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. ॥ ૭ ॥*

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૭ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

યમરાજાએ કહ્યું, કે જે લોકો ધનના મોહથી મૂઢ થયેલા છે જે બાળ બુદ્ધિના છે એવા જીવને પરલોક દેખાતો નથી. એને શરીરથી જુદો આત્મા છે એ સમજાતો નથી. એનો અર્થ એ છે કે જ્ઞાનીને સમજાય છે. સમજુ લોકો સમજે છે કે આ શરીર છૂટે તોય આત્મા તો છે છે ને છે. તો બધાને કેમ સમજાતું નથી. તો કે'-

**श्रवणायायि बहुभिर्यो न लभ्य:**
**श्रृण्वन्तोऽपि बहवो यं न विद्यु: ।**
**आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा-**
**ऽऽश्चर्यो ज्ञाता कुशलानुशिष्ट : ॥ ७ ॥**

આ સિદ્ધાંત બતાવતા કહે છે કે આને સાંભળવા લોકોને મળતું નથી. સમજાવું એ તો દૂર રહ્યું પણ પેલા સાંભળવા ય નો મળે તો કયાંથી બીચારાને સમજાય.. એટલે લાખો લોકોને તો આ શરીરથી આત્મા જુદો છે કે નહીં એ સાંભળવાય મળ્યું નહીં હોય. એને કોણ સંભળાવે ? કેમ કે મા-બાપને ય ખબર ન હોય, ભાઈઓને ય ખબર ન હોય. પત્નીને ય ખબર ન હોય. **'આવો ભાઈ હરખા આપણે બધા સરખા'** એટલે બધા જ સરખા. એમાં કોણ એને શીખવાડે ? એને કોઈ મહા પુરુષોનો સમાગમ થઈ જાય તો એ (પરમાત્માને) માર્ગે ચડી જાય.

**सत्कर्म परिपाकात्ते करुणा निधीनोत्धृता: ।**
**प्राप्य तीर तरू छायां विश्राम्यन्ति यथा सुखम् ॥**

॥ પંચદશી-૧-૩૧ ॥

નદીમાં જેમ કીડા તણાતા તણાતા જતા હોય ને કોઈ ઝાડની ડાળી કે મૂળ મળી જાય તો એને આધારે ઈ કીડો બહાર નીકળી જાય. એમ આ અજ્ઞાની જીવોને કોઈ સતપુરુષનો સમાગમ થઈ જાય તો એને સાચી સમજણ આવે કે શરીર તો વિકારી છે ને આત્મા નિર્વિકારી છે. શરીર જડ છે ને આત્મા ચેતન છે. શરીર મોટર છે ને આત્મા ડ્રાઈવર છે. જેમ ડ્રાઈવર વગર ગાડી ચાલે નહીં એમ આત્મા વગર શરીર ચાલતું નથી. એ સ્થૂળ વાત તો સમજી ગયાને, બોલો ? પેલા (ના સમયમાં) રથની કલ્પના કરતાં શરીર રથ છે ને આત્મા એને ચલાવવા વાળો છે યા તો માલિક છે. તો પ્રાસંગિક વાત એ જ આગળ આ ઉપનિષદમાં ય બતાવશે. અત્યારે આ ટૂંકમાં સમજો. આ રીતે **'श्रवणाया'** ઘણાંને સાંભળવા ય મળતું નથી ને ઘણાં સાંભળવા છતાં સમજતા પણ નથી. એટલે ઘણાં સાંભળે ખરા બેસે ખરા પણ સ્થૂળ ભાગ જ પકડી રાખે સૂક્ષ્મવાળો ભાગ સમજતા નથી. શરીર હું છું હું પટેલ છું, હું બ્રાહ્મણ છું, હું આ ગામનો છું, આ રીતે છું એટલે શરીરને જ હું માન માન કરે. શરીર તો જડ છે હું એની અંદર રહેવા વાળો આત્મા છું એમ સમજતા નથી એટલે અજ્ઞાની રહે છે. અહીં બેઠા એટલામાં કોને કોને ખબર નથી, બોલો ? તમે આત્મા છો કે શરીર છો?

બધાને ખબર છે ને, બોલો ? નો ખબર હોય એ ઊંચી આંગળી કરો. તો ધ્યાનથી યાદ રાખો શરીર કોઈ દિ' બનવું નહીં. 'શરીરને હું' જે બને એ અજ્ઞાની છે.

**દેહને તું કદી 'હું' કરી જાણમાં,**

**આત્મ-આનંદ ઘન, ''ૐ હરિ ૐ'',**

**જાગ્ય મન જાગ્ય આ વખત વહી જાય છે,**

**બોલ પ્રભાતમાં ''ૐ હરિ ૐ''**

તો અહીં બતાવે છે કે ઘણાં લોકોને સાંભળવા છતાં સમજાતું નથી તેનું કારણ કે **''आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा''** કે આનું જ્ઞાન દેવા વાળા કો'ક કો'ક **'आश्चर्य'** મળે છે અને એને સમજવા વાળા પણ બહુ ઓછા મળે છે. સમજવાની જીજ્ઞાસા ન હોય તો સમજાતું નથી અને **''आश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ।''** કોઈ કુશળ પુરુષ સમજાવે તો કોઈક એને સમજી શકે. જયાં સુધી કોઈ યુક્તિથી કુશળતાથી પ્રેમથી ન સમજાવે ત્યાં સુધી સમજાતું પણ નથી. તો આ રીતે આત્મ તત્ત્વ અત્યંત જાણવું સૂક્ષ્મ છે. એટલા માટે કીધું સાવધાન થવા માટે. શું કરવા માટે ? બોલો ? કઠિન છે આવડશે જ નહીં. એમ ગભરાવા માટે નહીં. એના બે ભાગ થાય. કઠિન કહે તો ઘણાં ગભરાય જાય. શું થઈ જાય ? બોલો ? તો ગભરાવા માટે નહિ પણ સાવધાન થવા માટે કહ્યું, એ જ વાતને ફરીને થોડી સૂક્ષ્મ કહી-

**न नरेणावरेण प्रोक्त एष**

**सुविज्ञेयो बहुधा चिन्त्यमानः ।**

**अनन्यप्रोक्ते गतिरत्र नास्ति**

**अणीयान्ह्यतर्क्यमणुप्रमाणात् ॥८॥**

॥१-२-८॥

કે આત્મા અત્યંત સૂક્ષ્મ છે જયાં તર્ક પણ પહોંચી શકતું નથી એટલા માટે -**''न नरेण अवरेण प्रोक्त एष सुविज्ञेयो ।''** કે કોઈ શ્રેષ્ઠ ન હોય એટલે જ્ઞાની વગર કોઈ બતાવે તો એણે આત્માને સમજી શકાતો નથી. કોઈ જ્ઞાની પુરુષ મળે તો જ સમજાય છે. એટલા માટે જયાં સુધી કોઈ સારા જ્ઞાની પુરુષો ન મળે ત્યાં સુધી આત્મા બરોબર સમજાતો નથી. એટલા માટે સારા (જ્ઞાની) પુરુષોની પાસે જઈને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું. એટલે બતાવ્યું છે કે સત્પુરુષો શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુની શરણે જઈ અને સદ્બુદ્ધિ, આત્મબુદ્ધિ, બ્રહ્મબુદ્ધિ કરવી.

**नैषा तर्केण मतिरापनेया**

**प्रोक्तान्येनैव सुज्ञानाय प्रेष्ठ ।**

**यां त्वमापः सत्यधृतिर्बतासि**

**त्वादृङ्नो भूयान्नचिकेतः प्रष्टा ॥६॥**

॥१-२-९॥

**''नैषा तर्केण मतिरापनेया''** કે જે બુદ્ધિ ગુરુ બ્રહ્માકાર બુદ્ધિ કરાવે જે (ગુરુ) **''તું સચ્ચિદાનંદ સ્વરૂપ છો''** એમ સમજાવે એ બુદ્ધિને તર્કથી તોડવી નહીં. શું ન કરવી ? બોલો ? તર્કો બે કામ કરે જોડવાનું કામય કરે ને તોડવાનું કામ પણ કરે. તો જો ઊંધા ઊંધા તર્કો કરોને તો તૂટવાનું કામ થાય સીધા તર્ક લ્યો તો જોડવાનું કામ થાય. જેમ સમજો કે કોઈ એ કહે કે ન્યાં આત્માને કોણે જોયો છે ? એમ કહે તો શું થાય ? બોલો ? તોડવાનું થાય. પણ શરીર શેનાથી હાલે છે ? બોલે છે શેનાથી ? મરી જાય ત્યારે શું નીકળી ગયું ? એવો તર્ક કરો તો ખબર પડે કે અંદર આત્મા છે. તો કોણે જોયો છે ? કયાં દેખાય છે ? કોણ એને પૂછવા ગયું છે ? કોને ખબર પડી ? એવા તર્ક કરે એ શું થયું ? બોલો ? નો તોડવાનું તોડે એ લાભ છે કે જોડે એ લાભ છે ? મકાન બનાવેલું તોડી નાખવું તો સરળ છે પણ મકાન બનાવવું એ શું છે ? બોલો ? અઘરું છે. એટલા માટે આ જે આત્મ બુદ્ધિ હોય બ્રહ્માકાર બુદ્ધિ જે ગુરુ કરાવે એ તોડવી નહીં. નકર એવા એવા તર્ક ઊંધા કરે તો તૂટી પણ જાય. પણ એ તૂટે તમને લાભ નહીં થાય. શું થાશે ? જડતા આવશે. શું આવશે ? બોલો ?....કારણ કે જોયેલું જ જો તમે માન માન કરશો તો જડ જ દેખાય છે. નથી પરમાત્માય દેખાતા કે નથી આત્માય.. દેખાવા માત્રમાં તો કોણ છે ? બોલો ? કેવળ જડ વસ્તુઓ છે. તો જો દેખાવા માત્રના તર્કમાં પડયા રહેશો તો જડ મળશે ચેતન નહીં મળે. યાદ રહ્યું ? બોલો ? ચેતનને તો બુદ્ધિથી સમજવું...

**सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम्,**

**वेत्ति यत्र न चैवायं, स्थितश्चलति तत्त्वतः ।**

(ગીતા-અ-૬-૨૧)

**''આત્યન્તિકં યત્ સુખં તદ્ બુદ્ધિ ગ્રાહ્યં''**

જે અત્યંત સુખ છે પૂર્ણ સુખ છે એ બુદ્ધિથી ગ્રહણ થાય છે. ઈન્દ્રિઓથી ગ્રહણ થતું નથી.

**यतो वाचो निवर्तन्ते । अप्राप्य मनसा सह ।**
**आनन्दं ब्रह्मणो विद्वान् । न बिभेति कदाचनेति ।**
(તૈતિરીયોપનિષદ્-૨-૪)

**''યતાં વાચો નિવર્તન્તે''** જયાંથી વાણી, ઈન્દ્રિઓ ને મન બધા પાછા વળી જાય છે. કેવળ આનંદ સ્વરૂપ છે એમ વિદ્વાન જાણે. તો આત્યંતિક જે સુખ છે એ "બુદ્ધિ ગ્રાહ્યં" એ બુદ્ધિ દ્વારા ગ્રહણ થાય છે. એટલા માટે બુદ્ધિ વાપરતા શીખો. તો બુદ્ધિએ વાપરવી કે આ શરીર શેને આધારે ચાલે છે ? કોને આધારે ટકયું રહે છે ? એવો વિચાર કરવાથી આત્માનું જ્ઞાન થાય છે. એટલા માટે તોડવા વાળું ન કરવું જોડવા વાળી યુક્તિઓ વારંવાર અપનાવવી.

**नैषा तर्केण मतिरापनेया**
**प्रोक्तान्येनैव सुज्ञानाथ प्रेष्ठ ।**

જયાં સુધી કોઈ સદ્‌ગુરૂ સમજાવે નહિ ત્યાં સુધી સારું (આત્મ) જ્ઞાન થતું નથી.

**''ગુરુ બીન જ્ઞાન ન ઉપજે,ગુરુ બીન મીટે ન ભેદ,**
**ગુરુબીન સંશય ન મીટે,જય જય શ્રી ગુરુદેવ ।''**

**वेदान्ता नामनेकत्वात्संशयानां बहुत्वतः ।**
**वेद्यास्याप्यति सूक्ष्मत्वान्न जानाति गुरुं विना ॥**

**''विद्याना अति सूक्ष्मत्वा''** જે વસ્તુઓ જાણવાની છે એ અત્યંત સૂક્ષ્મ હોવાથી જલ્દી બુદ્ધિથી સમજાતી નથી. એટલા માટે **''बहुधा श्रोतव्यं''** તો બહુ યુક્તિઓથી બહુ પ્રકારથી વારં વાર સાંભળ સાંભળ કરવું પછી ઘરે બેસીને મનન કરવું મનન કરીને નિદિધ્યાસન કરીને દ્રઢ કરવું.

**'આત્મા વા અરે દ્રષ્ટવ્યઃ**
**શ્રોતવ્યો મન્તવ્યો નિદિધ્યાસિત્વ્યા'**
(બૃહ-ઉપ-૪-૫-૬)

જો અમર થવું હોય તો યાજ્ઞ વલ્કય ઋષિએ કહ્યું, **'આત્મા વા અરે દ્રષ્ટવ્યઃ'** આત્મ દ્રષ્ટિ કરવી. કઈ દ્રષ્ટિ કરવી ? બોલો ?...આત્મ દ્રષ્ટિ એટલે કંઈ આંખ આત્માની ન હોય પણ 'હું આત્મા છું.' એમ સમજે એનું નામ આત્મ દ્રષ્ટિ. કોનું નામ આત્મ દ્રષ્ટિ ? બોલો ? જે કાંઈ કાળુ, ધોળું, પીળું કાંઈ કરવાનું નથી. પણ 'હું આત્મા છું', 'હું શરીર નથી' એમ સમજે એનું નામ આત્મ દ્રષ્ટિ. જો 'હું આત્મા છું' એમ સમજ્યા તો તમે અમર થઈ ગયા અને 'શરીર હું છું' એમ સમજો તો મડદા બની ગયા. એટલે અમર થવા માટે બીજું બહું કરવાનું નથી. કાંઈ પૈસા દેવાના નથી રોજ એ દ્રઢ કરો કે 'હું અમર આત્મા છું, હું કોઈ દિ' જન્મતો નથી ને હું...' એ દ્રષ્ટિ આવે શેનાથી ? કે ગુરુ દ્વારા સાંભળવું **'શ્રોતવ્યો મન્તવ્યો નિદિધ્યાસિતવ્યાઃ'** કે એ આત્મ દ્રષ્ટિ કરવા માટે પેલા સાંભળવું પછી મનન કરવું પછી નિદિધ્યાસનથી ધ્યાન કરવું. સદ્‌ગુરુ જે જ્ઞાન આપે એને ધ્યાનમાં રાખવું.

**ગુરુનું જ્ઞાન ગ્રહ્યું નહિ હૈયે,**
**ત્હેને ગુરુદ્રોહી કૃતઘ્નિ કહીએ.**
(સ્વામી પ્રિતમદાસજી)

જે ગુરુ જ્ઞાન આપે એને હૈયામાં રાખે નહીં એ ગુરુદ્રોહિ કહેવાય, એ કૃતઘ્નિ કહેવાય, કરેલા ઉપકારને ભૂલી જવા વાળા કહેવાય છે એટલા માટે ગુરુ જે જ્ઞાન આપે એને ધ્યાનથી લેવું એની ઉપેક્ષા કરવી નહીં. એને છોડી દેવું નહીં. એને બરોબર હૃદયમાં ધારણ કરીને એનો લાભ ઉપાડવો. કેમ કે જ્ઞાન જેને મળી જાય એને શાંતિ થઈ જાય.

**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિ-મચિરેણાધિગચ્છતિ.**
(ગીતા-અ-૪-૩૯)

**આનન્દં બ્રહ્મણો વિદ્વન્ન બિભેતિ કુતશ્ચનેતિ ।**
(તૈતિ.શ્રુતિ-૨,૪)

આનન્દ સ્વરૂપ બ્રહ્મને જાણ્યા પછી કોઈ પ્રકારનો ભય રહેતો નથી. સર્વ કામ, ક્રોધ, લોભ, મોહ બધા છૂટી જાય છે.

**''क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ।''**
(મુંડકોપનિષદ્-૨,૨,૮)

**'परावर'** - પરમાત્માના દર્શન થાય અનુભૂતિ થાય ત્યારે બધા કર્મો ક્ષીણ થઈ જાય છે. હૃદયની ગાંઠો બધી ભેદાય જાય છે. સંશયો મટી જાય છે. સર્વ પ્રકારનો લાભ થાય છે. એટલા માટે પરમાત્માનું જ્ઞાન લેવા તત્પર થવું.

**ક્રમશ...**

# ૧૩૫ મો નિર્વાણ જયંતિ મહોત્સવ

રજુ. ઈશ્વર વિઠ્ઠલભાઈ સાચપરા (અઘેવાડા)

પ.પૂ. સદ્‌ગુરૂવર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો "૧૩૫" મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૭૨ ના માગશર વદ સાતમને શુક્રવાર તા. ૧-૧-૨૦૧૬ ના રોજ બ્રહ્મલીન સદ્‌ગુરૂવર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની પવિત્ર જન્મ ભુમિ છે. આવી પરમ પવિત્ર ભૂમિનું પ્રાગટ્ય પણું નિરંતર અખંડ જ્યોતિના રૂપે આપણા અંતઃકરણ ની અંદર ઉજાગર રહે એ માટે એમના પવિત્ર જન્મ સ્થળ ઉપર "અખંડ જીવન જ્યોત" એવા મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું.

આ પવિત્ર કાર્યનો લાભ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર માધવ પીઠાધીશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની આજ્ઞા અનુસાર સાચપરા પરિવારને મળીયો, આવુ પરમ્ પવિત્ર કાર્ય કરવાનો અવસર શ્રી વિ. ડી. પટેલ અને તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ ધનજીભાઈ સાચપરા (અઘેવાડાવાળા) ને આ અવસર નો લાભ મળ્યો. પુજ્યશ્રીના પૂર્વાશ્રમના રળિયાત ફઈબાના દિકરા છે તેમજ દાદા શ્રી રવજીદાદા અને પૂજ્યશ્રીના પિતાશ્રી જગાબાપાના સુંદર સદ્‌ગુણો અને પવિત્ર પ્રેમની નીચે મોટા થયેલા અને પુજ્યશ્રી સ્વામીજીની ધર્મ પ્રત્યેની અખુટ શ્રધ્ધાના કારણે એ ધાર્મિક વાતાવરણમાં ઉસરેલા, સ્વામીજી ધાર્મિક કાર્યમાં હંમેશા અગ્રેસર રહેતા-હંમેશા ભક્તિમાં મસ્ત રહેતા. પ.પૂ. સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીના સાનીધ્યમાં પુજ્યશ્રીનું તપ અને ત્યાગનું પ્રાગટ્ય થયું હતું.

અખંડ જીવન જ્યોત પ્રાગટ્ય ભૂમીના શુભ કાર્ય માટે સમગ્ર ગ્રામ જનોનો ઘણો બધો મોટો ફાળો છે. ઘણા બધા દિવસોથી પોતાના કાર્યો છોડીને આવા શુભ પ્રસંગને દિપાવવાની તૈયારીમાં લાગી પડયા હતા.

સર્વપ્રથમ મહોત્સવની રૂપરેખા બદલ પ્રર્વકતા તરીકેનું સ્થાન સંભાળતા બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્યએ ગુરૂજીની શ્રધ્ધાંજલી કાર્યક્રમને આગળ વધારી આ મહોત્સવનો મુખ્ય વિષય "ગુરૂભક્તિ" રાખેલો.

**રામસંગ દાદા શ્રી :-**

પીપળીયા ગામ જે સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજની અવતરણ ભૂમી. પુજ્યશ્રીની કથાના બે શબ્દ કોઈ સાંભળી જાય તો ગમે તેવો હલકી કક્ષાના વિચારોનો વ્યક્તિ હોય તો પણ સુધરી જાય ઘણા મહારાજની કથા સાંભળી પણ સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજની કથા સાંભળી હોય અને જો ભગવાન વિષ્ણુ ગરૂડ સવાર થઈને પીપળીયા ગામ ઉપરથી નીકળ્યાં હોય તો ગરૂડજીને પણ થોડા સમય માટે થોભાવી દે એવી એની કથા કહેવાનો તાત્પર્ય એમ કે રામ ભગવાન એના કુળમાં અવતર્યા એમાં ૫૧ પેઢી તારી દે એવા બધા રાજાઓ દેવ જેવા એ જ રીતે પીપળીયા ગામે અવતરેલા. અખંડાનંદ સાગરજી મહારાજ એના નાના એટલે રવજીદાદા એ એવી હસ્તી હતી કે કોઈ દિવસ કોઈને દુભાવ્યા નહી હોય, એવા કુળમાં અવતરેલા સ્વામીના ગામમાં માધવાનંદજી મહારાજનો મહોત્સવએમાં મને શ્રધ્ધાંજલી આપવાની તક મળી તે બદલ આભાર.

**વશરામભાઈ ધનજીભાઈ (અઘેવાડાવાળા)**
**વિ.ડી.પટેલ :-**

પ.પૂ. સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૫ મો નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે મારા સદ્‌ગુરૂ પરમાત્માને અંતઃકરણથી શ્રધ્ધા સુમન સાથે નમસ્કાર મને બે શબ્દ બોલવાનો અવસર મળ્યો છે પીપળીયા ગામમાં પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીના જન્મ ભૂમી ઉપરનું જે અખંડ જીવન જ્યોત મંદિરનું નિર્માણ કાર્ય જે પ.પૂ. વર્તમાન માધવ પીઠાધીશ્વરના આદેશ અનુસાર અમોને એટલે કે અમારા સાચપરા પરિવારને મળ્યુ એ અમારા અહોભાગ્ય ગણાય. એ બદલ અમો ગુરૂદેવવર્ય ના ખૂબ જ આભારી છીએ. એમના આદેશ અનુસાર મંદિરના નિર્માણમાં આપેલી એમની પ્રેરણારૂપે મંદિરની અંદર ગુરૂબ્રહ્મા, ગુરૂવિષ્ણુ, ગુરૂદેવો મહેશ્વરની પ્રતિમાની પ્રતીતી સમાન પ્રયોજન કરવામાં આવ્યું જેમ આપણે ગુરૂદેવને બ્રહ્મા વિષ્ણુ મહેશના રૂપે ગુરૂદેવ એવા સ્વામીશ્રી બ્રહ્મલીન ગુરૂવર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી

મહારાજશ્રીનું સ્વરૂપ વર્તમાન ગુરૂવર્ય એવા સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજને એમના સ્વરૂપમાં જોઈએ એમના આદેશને નતમસ્તક લઈએ એમની આજ્ઞાનું પાલન કરવું એજ સાચા અર્થમાં માધવાનંદજી મહારાજશ્રીને શ્રધ્ધાંજલી આપેલી ગણાય છે. એ સાથે હું વિરમું છું સદ્‌ગુરૂ દેવી કી જય.

**રાવજીભાઈ પટેલ (વડોદરા) :-**
**ચાણોદ, શ્રી માધવાનંદ આશ્રમ ટ્રસ્ટીશ્રી**

પ.પૂ. સ્વામીશ્રી માધવાનંદજી મહારાજ તથા મહામંડલેશ્વરો તથા સંતો આટલી બધી મંડપમાં મેદની જોઈ એટલે આપણો સ્વામીજી પ્રત્યેનો શ્રધ્ધાપૂર્વક અહોભાવ બતાવે છે એજ આપણી શ્રધ્ધાંજલી છે. સ્વામીજી મહારાજે પરમાત્માનું રૂપ જ લઈ લીધું છે એમ હું માનું છું અત્યારે સ્વામીજી અહીયા પણ હાજર છે. એમા ખોટું નથી. હું માનુ છુ કે મારા ઉપર એમની એટલી કૃપા છે કે હું આ ઉંમરે તમારી સમક્ષ ઉભો રહી શકુ એ એમની જ કૃપા છે એથી હું ખુશ હૃદય પૂર્વક સ્વામીજીને શ્રધ્ધાંજલી અર્પણ કરૂં છું.

**ઓધવજીભાઈ રામજીભાઈ પટેલ (ભાવનગર) :**
**શ્રી માધવ ગુરૂકુળના ટ્રસ્ટીશ્રી**

સ્વામીજી મારા જય સચ્ચિદાનંદ હું પ. પૂ. સ્વામીશ્રી માધવાનંદજી મહારાજને મારી શ્રધ્ધાંજલી અર્પણ કરૂં છું. મારા જય સચ્ચિદાનંદ વિરમુ છું.

**કાળુભાઈ કોશીયા :- શ્રી માધવ ગુરૂકુળ**
**બાકરોળના સંચાલક તથા ટ્રસ્ટીશ્રી**

અર્ચનીય વંદનીય પ.પૂ. સ્વામીજી મહારાજશ્રી મહામંડલેશ્વર તેમજ મંચ ઉપર ઉપસ્થિત સંતવૃંદ. અત્યારે આપણે એવી ભૂમી ઉપર ઉપસ્થિત થયા છીએ કે ૧૩૫ મી નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે જેમ કૃષ્ણ ભગવાન વૃંદાવનમાં ફરતા અને એમની ચરણ રજ માથે લઈએ છીએ, એ રજમાં આપણે આળોટીએ છીએ એવી જ રીતે આ પીપળીયા એ આપણા સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની શરણ રજ આભૂમી છે એવી ભૂમિ ઉપર આપણે એકત્રીત થયા છીએ, આપણે અહીયા આવ્યા એજ આપણા અહોભાગ્ય કહેવાય, એવા પીપળીયા ગામમાં પ.પૂ. સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીના જન્મ સ્થળ ઉપર મંદિરનું નિર્માણ થઈ ચુકયું છે જેમને સુંદર મજાનું નામ એવું "અખંડ જીવન જ્યોત" એ એક ચાર ધામ પૈકીનું સ્થળ બીજુ સુઘડ આશ્રમ ત્રીજું આકરુ જયા પ.પૂ. સ્વામીશ્રી માધવાનંદજી મહારાજની સમાધી છે. એ અને ચાણોદ જયાં ગુરૂજી મહારાજશ્રી અખંડાનંદ સાગરજી મહારાજની સમાધી એવા પૈકીના ચાર ધામ નિર્માણ થઈ ચૂકયા છે ત્યારે મને વિચાર આવે છે કે ચારે સ્થળે અન્નક્ષેત્ર બનાવવા જોઈએ. જેમાં ચાણોદ તો સ્વામી શ્રી શિવોહં સાગરજી મહારાજ અન્નક્ષેત્ર છે. એમ બીજે પણ કરવાની ઈચ્છા છે ત્યારે હમણા વિ. ડી. પટેલે મને વાત કરી કે સ્વામીજી મહારાજનો નિર્વાણ તિથી એકાદશી સુદ ના દિવસે થયેલું તો પીપળીયા ગામને આંગણે વર્ષની ૧૨ અંજવાળી અગીયારસ આવે છે. તો ૬ અગીયારસ વિ. ડી. પટેલના સ્વયમ ખર્ચે અને બીજી ૬ અગીયારસનો સંપૂર્ણ ખર્ચ હું કરીશ અને તે દિવસે જેટલું પણ વ્યક્તિ પીપળીયા ગામે આવે છે. એમને અમે ભોજન કરાવીને જવા દેશું. અમે પીપળીયામાં રસોડું ચાલું કરશું. બધા જ સેવકોને અજવાળી અગીયારસના દિવસે દર્શનનો લાભ લેવા આવવાનું અમારૂ ભાવભર્યુ આમંત્રણ છે, એ સાથે હું વિરમું છું.

**શ્રી લક્ષ્મણભાઈ સોનાણી (ચકમપરવાળા) :-**
**વેદ રહસ્યનાં તંત્રીશ્રી**

પરમ પુજ્ય પ્રાતઃ સ્મરણીય સ્વામીજી મહારાજ, મહામંડલેશ્વર શ્રી આદરણીય સંતવૃંદ મારા વ્હાલા ભાઈઓ-બહેનો તેમજ બાળકો, સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૫ મો નિર્વાણ જયંતિ મહોત્સવ આપણા સર્વના હૃદયમાં બિરાજતાં બ્રહ્મલિન પ્રાતઃસ્મરણીય વિશ્વ વંદનીય સ્વામીશ્રી ૧૦૦૮ મહા મંડલેશ્વર અખંડાનંદ સાગરજી મહારાજની જન્મ ભૂમિ ઉપર ઉપસ્થિત થયા છીએ ! એ કોઈ એવું પરમ તત્ત્વ ખેચતું હોય છે. જેમાં આવવાનું એક અહોભાગ્ય હોય છે કે એ તત્ત્વ આપણને અહીંયા ખેંચીને લાવે છે એટલે ગુરૂભક્તિને ઉત્તમ સમજાવી છે અને બીજુ છે વેદ રહસ્યની વાત હું દર વખતે કહું છું ને આ વખતે પણ દોહરાવું છું કે હે સજ્જનો આપણી પરંપરાનું આ સામયિક જરૂર બંધાવજો અને વાંચજો ને બાળકોને વંચાવજો. સજ્જનો આપણે પણ લેખ મોકલીએ પણ એટલું યાદ રાખીએ કે આપણે જે લખીએ તે ગીતા, ઉપનીષદ અને બ્રહ્મસૂત્ર પરક લખીએ અને લખીને પણ બે વાર અવશ્ય વાંચી લેવું કે આ લેખ મોકલવા

જેવો તો છે ને, કોઈ ભૂલ હોય તો સુધરી જાય અને અક્ષર તો બરાબર છે ને અને કોઈ પણ સંપ્રદાયની વિરૂદ્ધ તો નથી લખાયુંને ? અને બે પેજ થતા હોય તો છુટા પેજ ન મુકવા અને પેજ નંબર લખવા તથા એક જ બાજુએ હાસીયો છોડીને લખવું સજ્જનો, માફ કરજો પણ જે લેખ યોગ્ય નહીં લાગે અથવા તો અક્ષર વંચાતા નહીં હોય તો તેને મુકવામાં આવશે નહીં અને લેખ ક્રમ પ્રમાણે આવશે એટલે મારો લેખ નથી મૂક્યો તો મારે ફરિયાદ કરવી છે એવું નહીં વિચારતા પરંતુ એમ વિચારજો કે મારા લેખમાં કાંઈક ભૂલ થઈ હશે બીજુ કોઈ પણ ચોપડીની કોપી કરીને લખવો નહી અને લખો તો જ લેખક હોય તેનું જ નામ લખવું લેખ જાતે લખતા શીખો તો કંઈક મળશે નકલ કરવી નહીં.

તો વધુ સમય ન લેતા એટલું અવશ્ય કહીશ કે આ પુજ્યશ્રીની પવિત્ર જન્મભૂમિમાં આવ્યા છીએ તો કાંઈક લઈને જઈએ દુર્ગુણો છોડતા જઈએ ને સદ્‌ગુણો ધારણ કરીએ આ સાથે મારી વાણીને વિરામ આપું છું.

બોલ સચ્ચિદાનંદ ભગવાન કી જે.

**માવજીભાઈ કોશીયા (ચોગઠવાળા) :–**

સદ્‌ગુરૂ દેવ કી જય સ્વામીજી મહારાજશ્રી સ્વરૂપાનંદ સરસ્વતી શ્રી મહામંડલેશ્વર સ્વામીજી ૧૩૫ માં નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે ગુરૂજી મહારાજ માધવાનંદજી મહારાજને મારી શ્રધ્ધાપૂર્વક શ્રધ્ધાંજલી અર્પણ કરૂં છું. જય સચ્ચિદાનંદ...

**પરમ પૂજ્ય બ્રહ્મચારીશ્રી જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્ય :–**

આજે આપણે પરમપૂજ્ય અનંતશ્રી વિભુષિત આપણા શ્રી સદ્‌ગુરૂ સ્વામીજીની પ્રાગટ્ય જન્મ ભૂમિ એવા પીપળીયા ગામની અંદર પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભુષીત પ્રગટ બ્રહ્મ સ્વરૂપ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૫ મો નિર્વાણ જયંતી મહોત્સવ ભક્તિ અને ભાવપૂર્વક ઉજવી રહ્યા છીએ જે માધવાનંદજી મહારાજ આજથી ૧૩૫ વર્ષ પૂર્વે પોતાનું પંચ ભૌતિક શરીર છોડી વિદેહ કેવલ્ય મોક્ષ પદને પ્રાપ્ત થયા છે. ઘણા બધા પદો હોય છે. પરંતુ આ મોક્ષ પદ એ ઉત્તમ પદ ગણાય છે. બીજા પદોનો નાસ થઈ જાય છે પરંતુ મોક્ષ પદ એજ એવું એક પદ છે, જે નિર્વાણ પદને પ્રાપ્ત થાય છે. મોક્ષ પદને પ્રાપ્ત થવું એટલે પરમાત્મ રૂપ થઈ જવું જેમ નદી સમુદ્રમાં ભળીને સમુદ્ર રૂપ થઈ જાય છે એમ મોક્ષ પદ એટલે પરમાત્મા થઈ જવું. એ જ રીતે વિષય અનુસાર ગુરૂ ભક્તિ દ્વારા જ પરમપદને પ્રાપ્ત કરી શકાય. રિત્, અર્જુવ, સામ અને અથર્વ વેદના છ અંગ છે, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂકતં, ચંદ, જયોતિષ આ છ અંગ દ્વારા અભ્યાસ કરવામાં આવે અને જો ગુરૂનુ ચરણ પ્રાપ્ત કરવામાં ન આવે તો તેથી શું થયું, શું થયું, શું થયું, તમામ વેદ શાસ્ત્રો છે એ બધા જ્ઞાનથી ભરેલા જ છે. પરંતુ જ્યાં સુધી એ વેદ શાસ્ત્રો ગુરૂદ્વારા સમજવામાં આવતા નથી ત્યાં સુધી એનું પૂર્ણ યુક્તિ એનું જ્ઞાન છે એ સંભવ નથી, પારસમણી છે એ લોઢાને સોનું બનાવી શકે છે પરંતુ લોઢાને પારસમણી સમાન નથી બનાવી શકતી પરંતુ ગુરૂજી મહારાજના સાનીધ્યમાં રહેતા ધીરે ધીરે શિષ્યને ગુરૂ ભક્તિ દ્વારા શિષ્યને ગુરૂ સમાન તેમજ ગુરૂજી કરતાય મહાન બનાવી શકે છે. એથી જ ગુરૂભક્તિ વિના જ્ઞાન ન આવે જો આપણે આપણા સ્વામીજી મહારાજશ્રીમાં આવી ગુરૂભક્તિ જોવાની ટેવ પાડીયે એજ આજની સાચી શ્રધ્ધાંજલી કહેવાય, આથી સદ્‌ગુરૂને દિવાદાંડી સમાન ગણવામાં આવે છે. સમુદ્રમાં જે ભટકેલા વ્યક્તિને ઊભાઊભા રાહ દેખાડે છે એટલે જો સાચી ભક્તિ એમના ઉપદેશો દ્વારા શ્રધ્ધાંજલી સમાન અર્પણ કરું છું.

**સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય :–**

મંચાચીન અતિ વિરિષ્ટ વિશ્વ વરેણ મહાપુરૂષ વૃંદ તથા સમ ઉપસ્થિત તત્ત્વ જીજ્ઞાષુ ભાઈઓ તથા બહેનો જેમ કે આપણે જાણીએ છીએ કે પરમ પવિત્ર ઘરાધામ આ પીપળીયાની જે ભૂમી છે એમા આપણે ઉપસ્થિત થઈને સ્વામીજી મહારાજનું બાલ્ય જીવન જયા વિત્યું એવા આ સ્થળે અને ગંગેશ્વરી નદીના પટાંગણનાં આધ્ય સંસ્થાપક શ્રધ્ધેય પુજ્યપાદ બ્રહ્મ સ્વરૂપ સ્વામીજી મહારાજશ્રીના ૧૩૫ માં નિર્વાણ મહોત્સવ નિમીતે એકઠા થયા છીએ શા માટે સ્વામીજી મહારાજનો આ નિર્વાણ મહોત્સવ દર વર્ષે ઉજવવામાં આવે છે. સ્વામીજી મહારાજ પાંચ ભૌતિક શરીરથી ભલે. વિધ્યમાન ના હોય પણ પત્યધાતમ્ રૂપથી સર્વની અંદર આત્મ જ્યોતિ રૂપે વિધ્યમાન છે. આત્મ જ્યોતિથી વિધ્યમાન થવુ દેહભાવને છોડી આત્મરૂપે વિધ્યમાન થવુ એનું નામ જ નિર્વાણ પદ ને પ્રાપ્ત થયા

કહેવાય વિધ્યદેવ લોક, જ્ઞાન નિષ્ઠ છે અતી છે આત્મનિષ્ટ છે બ્રહ્મ નિષ્ટ છે તે જીવતા જ નિર્વાણ પદને પ્રાપ્ત થઈ જાય છે આજ રીતે માધવાનંદજી મહારાજએ પ્રક્રિયા પ્રમાણે નિર્વાણ પામ્યા છે. એ જ રીતે આપણે પણ નિર્વાણ પામીયે એની સાથે મારા વાક્યને વિરામ આપશુ. સ્વામીજી મહારાજના ચરણોમાં શ્રદ્ધા સુમન અર્પણ કરીએ.

**સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ**
**વેદાન્તાચાર્ય :-**

મહામંડલેશ્વર વૃદ્ધ, સંતવૃદ્ધ, ભાવીક ભક્ત જનો વિષય ગુરૂભક્તિ છે. ગુરૂ ભક્તિ એટલે જેને ગુરૂની અંદર પ્રેમ છે ગુરૂજીના હૃદયમાં જેમને સ્થાન પ્રાપ્ત કર્યુ છે એ ભક્ત જ્યારે હૃદયથી ભક્તિ કરે છે ત્યારે ખરેખર ગુરૂ ભક્તિ કહેવાય છે. એનું જીવતુ જાગતું સ્વરૂપ આપણે જોઈ રહીયા છીએ કે સ્વામીજીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીએ શિવોહંસાગરજી મહારાજના શરણોમાં મન ક્રમના સ્વરૂપે ભાવ વ્યક્ત કર્યો છે. આ સાકાર ભક્તિ આપણી સામે પ્રગટ થઈ એવા આ પીપળીયા ગામમાં આ પ્રેમના સાગરમાં હિલોરા લેવરાવીયા તેવા શ્રી માધવાનંદ આશ્રમ સુઘડ, ગાંધીનગર. જ્યા સ્વામીજી મહારાજે પંચભૌતિક દેહને ત્યાગો તેવા ધામે સ્વામીજી મહારાજનું સ્મૃતિ મંદિર માવજીભાઈ ચોગઠવાળા એ નિર્માણ કર્યુ એ જ રીતે આજ અહિયા પણ સમગ્ર સાચપરા પરિવાર તરફથી મંદિરના નિર્માણની ૩૧ ડિસેમ્બરને અંગ્રેજી વર્ષનો છેલ્લા દિવસે લોકાર્પણ વિધી થઈ એ તમે બધાયે જોયુ હશે. આજે માધવાનંદજી મહારાજશ્રીની તીથી નિમિતે સાથે સાથે આપણે સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીને યાદ કરીએ છીએ ત્યારે યાદ કરવા જેવી વાત જેમ વિ. ડી. પટેલે કીધી તેમ માધવાનંદજી મહારાજના થ્રીડી ફોટાનીઅંદર અખંડાનંદ સાગરજી મહારાજ એજ રીતે અખંડાનંદ સાગરજી મહારાજના ફોટા અંદર જગદીશાનંદ સાગરજી મહારાજને એમ અરસ પરસ એક સ્વરૂપે જોવાથી જ ગુરૂભક્તિ વિષયને સારથક કરી શકીશું અને આવો રૂડો અવસર આપણને મળીયો હોય ત્યારે હું નથી માનતો કે આપણે કોઈ ખામી રહી ગઈ હોત ભક્તિ આનું નામ છે માધવાનંદજીના સ્વરૂપની પ્રતીતી કરાવતા એમના તીથી સાલનો યોગ બતાવતી તીથી માગસર વદ ૭, સમય ૧૧:૧૮ મીનીટે ૨૩ ડિસેમ્બર, ૧૮૮૦ માં ચમારડીથી આફ્રૂર ગયા ત્યારે બ્રહ્મલીનના નિર્વાણનો નિર્વાણ સમયનો યોગ હવે પછી ૧૫૨ મી તિથી એ ફરી એકવાર સંપૂર્ણ પણે પરત નિર્વાણનો યોગ યોગ મળે છે અને લગભગ આ તિથી કંથારીયાના ભાગ્યમાં વળી શિવોહંમસાગરજી મહારાજશ્રીના ધામમાં ઉજવવાનો થશે. એજ સાથે મારા શબ્દને વિરામ આપું છું.

**સ્વામીશ્રી મોહનાનંદ સાગરજી મહારાજ**
**વેદાન્તાચાર્ય :-**

આજે પરમ પૂજ્ય અનંતશ્રીવીભુષીત સ્વામીશ્રી માધવાનંદજી મહારાજનો ૧૩૫ મો નિર્વાણ જયંતી મહોત્સવ જેવો શ્રીને નિર્વાણ એટલે કે શરીર ધારણ કરવાનુ ટળી ગયુ એવો દિવસ અહીયા આદી ગુરૂજી નિર્વાણ પામ્યા. એમની પરમપરામાં દિક્ષીત થયા છીએ. આપણી મુક્તિ ગુરૂભક્તિ દ્વારા મળેલા જ્ઞાન દ્વારા જ મુક્તિને પ્રાપ્ત થવાય છે. શાસ્ત્રી ગુરૂ વગર મુક્તિ શક્ય નથી એક દ્રષ્ટાંત બતાવતા કયુ કે નારદમુની એ ગુરૂજી પાસે કૈવલ્ય પદની પ્રાપ્તી માટેનો ઉપાય માગતા ગુરૂજી મહારાજે નદીના પટમા દોરી બતાવ્યુ અને એ શીખવેલા જ્ઞાનમાં નદીના પટની ઉપર આળોટી જવાનો આદેશ કર્યો કહેવાનો તાત્પર્ય એ છેકે ગુરૂભક્તિ દ્વારા એની આજ્ઞા દ્વારા જ કૈવલ્યપદની પ્રાપ્તી શક્ય છે. એજ રીતે ભક્તિ કરતા સ્વામીજી મહારાજ જે રીતે કૈવલ્ય નિર્વાણનું પદ પ્રાપ્ત કર્યુ. એ જ રીતે ભક્તિ માર્ગ વિરકત અવીરત રહેવાથી એક દિવસ આપણી પૂર્ણ નિર્વાણપદની પ્રાપ્તિ શક્ય છે. સદ્‌ગુરૂ દેવ કી જય.

**પરમ પૂજ્ય સ્વામી શ્રી ભુમાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય :-**

સદગુરૂવર્ય માધવાનંદજી મહારાજનો ૧૩૫ મો નિર્વાણ જયંતી મહોત્સવ નિમીતે આજે આપણને જીવનનો અમુલ્ય લાભ લેવાનો અવસર પ્રાપ્ત થયો છે. એ અખંડ પૂર્ણ પોતાનો જ આનંદ પ્રાપ્ત કરી શકીએ. એ અવસરે આપણે ભેગા થયા છએ ત્યારે પ્રાગટ્ય ભુમી જે ધરા આપણા હૃદયમાં બિરાજતા ગુરૂજી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજની પ્રાગટય અર્થાત જન્મ ભુમી છે. જે જન્મ ભુમી ઉપર આપણને એની રજ દ્વારા જ સુખ દુઃખની નિવૃત્તિ કરાવે છે તત્ત્વમસી મહા વાક્યનું જ્ઞાન

આપે છે અને આપણને મુક્ત કરાવે છે કૈવલ્યની પ્રાપ્તિ કરાવી જીવમાંથી શિવ સ્વરૂપની અનુભુતી કરીએ એજ પ્રાર્થના સાથે ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ...

**પરમ પુજ્ય સ્વામી શ્રી વિવેકાનંદ સાગરજી મહારાજશ્રી :–**

પરમ પુજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ માધવ પીઠાધીપતી સ્વામીજી મહારાજ, મંડલેશ્વર વૃંદ તથા વિતરાગ સતવૃંદ તેમજ ભક્તિ મય સર્વે ભાઈઓ તથા બહેનો તથા માતાઓ આજે આપણે બધા સુંદર અવસરના નિમીતે આપણે એકત્રીત થયા છીએ ત્યારે મને વિચાર આવે છે કે આવા પ્રસંગો વારે વારે કોણ કરાવતું હશે જયારે જયારે અધર્મ વધે છે ત્યારે ત્યારે ભગવત્ સ્વરૂપ સંતોની આ ભુમી ઉપર પ્રાગટ્ય થશે અને ધર્મને નામે એનો ઉધાર કરવા કોઈના કોઈ સ્વરૂપે અવતાર ધારણ કરતા હોય છે. એવી જ રીતે ચારે બાજુ અંધશ્રદ્ધા વહેમ અને અધર્મનો ફેલાવો થયો ત્યારે સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો અવતાર થયો અને ૧૩૫ વર્ષ પછી પણ તેમના નિર્વાણ તિથી નીમીતે આપણે એકત્રીત થતા હોવએ છીએ. એ પણ સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીના જન્મ ભુમી પર ઉજવવાનો આ પ્રસંગ યાદ દેવરાવે છે કે ભગવાનનું કઈના કઈ રૂપે પ્રાગટ્ય હંમેશા હોય જ છે. એજ આજના અવસરની અંદર ગુરૂભક્તિના વિષય દ્વારા ગુરૂજીની ઉપાસનાને અવીરત રાખીને માધવાનંદજી મહારાજશ્રીના ભાવ ભર્યા શ્રદ્ધા સુમન આપણે કર્યા ગણાય છે. એજ સાથે મારા શબ્દને વિરામ આપુ.

**પરમ પુજ્ય મહંતશ્રી જીણારામ બાપુ (મોઘીબાની જગ્યા શિહોર) :–**

પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી પીપળીયા ગામને આંગણે પરમ પુજ્ય સ્વામીજી મહારાજની નિર્વાણ તિથી નીમીતે મને આટલા બધા ભક્તિ વૃંદની ઉપસ્થિતીએ આનંદની અનુભૂતિ થાય, ત્યારે સ્વામીજી મહારાજને મહામંડલેશ્વર વૃંદ, સંત, ભાવિક ભક્ત ભાઈઓ અને બહેનો ગુરૂ વિશે શું કહું જો ગુરૂની કૃપા આપણી ઉપર ઉતરે તો બેડો પાર થઈ જાય અને એનું જીવન ધન્ય થઈ જાય એજ રીતે વધારે સમય ન લેતા મારી વાણીને વિરામ આપું છું.

**પરમ પુજ્ય મહંત શ્રી સ્વામી રમેશપુરીજી મહારાજશ્રીના શિષ્ય શુભમ પુરીજી મહારાજ (જાગનાથ મહાદેવ, આણંદ) :–**

અત્રે ઉપસ્થિત શ્રોત્રીય વંદનીય મહામંડલેશ્વર વૃંદ પરમ પૂજ્ય સંતવૃદ ભાવિક ભક્તવૃંદ.

આજ હમલોગ બહુત બડે સદ્ ભાગી હૈ, કે ઉપસ્થિત અભી સંતો કી વાણી એ ઉચકા જ્ઞાન કી ઔર ઉસકી કી બડીયી ક્રિયા હમારે પર હોતી હૈ. સતસંગથી વાસ્તવમે બડી દુર્લભ હે, ગીતા મે કહા રૂકી સંતો કી એક ચણ એક નિમીષ મીલ જાયે ઓભી બડી દુર્લભ હૈ, સત કા કિસી ભી કાંતમાં અભાવ નહી હોતા હૈ, ઉસ હી કાળ માધવાનંદજી મહારાજશ્રીનો પણ કભી અભાવ નહી હોતા હૈ હોતા સભી જગ્યા પર સત્ તત્રત્ સ્વત્ર્ ઉચકા અભાવ નહી હોતા હૈ ઔર સ્વેતા સ્વેતો ઉપનિષદમાં પણ અભાવકા જ્ઞાન હોતાતા હૈ વહી હમારી માધવાનંદજી મહારાજના ચરણોમાં કોટી કોટી શ્રદ્ધાંજલી ઉચી તરહ

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણ મુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણ મેવાવશિષ્યતે
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥

**પરમ પુજ્ય મહંતશ્રી સ્વામી જયરામગિરીજી મહારાજશ્રી (બાપેશ્વર મહાદેવ કરમસદ) :–**

મંચ ઉપર બિરાજમાન મંડલેશ્વર વૃંદ તથા માધવાનંદજી મહારાજ શ્રી કે સભી પ્રેમા સ્પદ વેદાન્તાચાર્ય, સંતો, ભક્તો બહેનો ઔર માતાઓ,

આજે ૧૩૫ મી નિર્વાણ જયંતિ નિમીતે ગુરૂ મહારાજના શ્રધ્ધાંજલી કહો કે ભાવાંજલી કહો, આત્માંજલી કહો. સર્વ સમર્પીત ભાવ હોના સહીએ મહાપુરુષમાં સત માર્ગ સત દર્શન વિદ્યા કહો આદર્શ કહો બધુ જ અમે સાંભળવા માટે આવ્યા છીએ એમ “ગુરૂજીને સત્ય કી રાઈ દીખાઈ. મેરી મન કી ભ્રાન્તી મીટાઈ.”

આ ભૂમીમાં એવા મહાપુરુષ થઈ ગયા જેના નામ લેવાથી અખંડતા આવી જાય, અખંડાનંદ મહારાજની જન્મ સ્થલી જેને આપણે બધા શરણ સ્પર્શ કરીએ એવા આ સંપ્રદાયને ઉન્નત કરી દેશ-વિદેશમાં આ બ્રહ્મજ્ઞાનની જ્યોત જીવત રાખ્યો એવા આ પરમ પરાના સદ્ગુરૂવર્ય માધવાનંદજી મહારાજની આ પરમપરા જીવત રહે એજ એમની ગુરૂભક્તિ કહેવાય

જેવી રીતે એકલવ્યને ગુરુજીની મૂર્તિ બનાવી ગુરૂવિદ્યા સીખ્યા બાદ પણ ગુરૂ કો એમનો અંગુઠો આપી દીધા એજ ગુરૂ પરમપરા મે સમ્પીત ભાવ રાખતા રહેજો એજ ગુરૂજી મહારાજની શ્રદ્ધા સુમત ગણા છે.

**પરમ પુજ્ય મહંત શ્રી સ્વામી ગુરૂચરણદાસજી મહારાજ શ્રી (સંતરામ મંદિર, નડિયાદ) :–**

આજનો શુભ પવિત્ર દિવસ ગુરૂજી મહારાજની દિવ્ય પૂર્ણ તિથીએ પધારેલ મહામંડલેશ્વર વૃંદ, માધવપીઠના અધ્યક્ષશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ તેમજ મંચ ઉપર બીરાજ માન સંતવૃંદ, ભાવિક ભક્તગણ,

સ્વામીજી આપણી સામે દેહ રૂપે નહી પણ સુક્ષ્મ ચેતના રૂપે રહેલા છે એવા ગુરુજી મહારાજશ્રીની ગુરૂભક્તિ દ્વારા ગુરૂકાર્ય કર્યુ ગુરૂ શબ્દનો અર્થ થાય છે મહાન. આવા મહાન ગુરૂજી મહારાજની તમારા ઉપર બહુ જ કૃપા છે, માન, અપમાન બધુ જ કર્મ અનુસાર મળે છે. પરંતુ ગુરૂકૃપાએ રીતે નથી મળતી પરંતું જે જીવાત્મા ઉપર ગુરૂકૃપા ઉતરી એમનું જીવન ધન્ય બની જાય, એ ગુરૂ મહારાજ આપણી અંદરની ચેતનાને જગાડે છે કે તુ બહાર ભટકીસ નહી તું અંતરને ઓળખ એવી ભક્તિ પ્રદાન કરે છે. તારૂ સ્વરૂપ સત્-ચિત્-અને આનંદ સ્વરૂપ છે, બાકી બધુ મિથ્યા છે. ખોટું છે એવું જ્ઞાન પ્રદાન કરે છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે અને ધીરેધીરે તારી અંદર રહેલા સ્વરૂપની પ્રાપ્તિ કર તારી અંદર જ હીરો પડેલો છે. બહાર ખોજવાની જરૂર નથી એવી આવા ગુરૂજી મહારાજને પ્રાર્થના કરીયે કે આવા બધા સંતોની કૃપા વરસે અમારૂં જીવન ધન્ય બનાવે એવા શબ્દો સાથે વિરામું છું.

**સ્વામીશ્રી મુરારીદાસજી મહારાજની (સંતરામ મંદિર નડિયાદ) :–**

પરમ શ્રધ્ધેય શ્રોત્રીય બ્રહ્મ નિષ્ઠ અધ્યક્ષપદે સ્વામીજી મહારાજ તથા મંડલેશ્વર વૃંદ તથા સંતવૃંદ તથા ભક્તવૃંદ,

શ્રી માધવાનંદજી મહારાજની ૧૩૫ મો આ નિર્વાણ મહોત્સવ પ્રસંગે સંત વૃંદના શ્રધ્યેય સુમન ગુરૂભક્તિ જ્ઞાન દ્વારા જોઈએ તો આખો સંસાર એક રનતુલ્ય છે. માથા ઉપર એ કેશોનો તાપ છે. આખાય સંસારનું દર્શન કરીએ છીએ જે સતત રેતી છે, ચીંતાની એમાંય શ્રધ્ધેયનું જળ કોણ પીવડાવે.

આજે પીપળીયા ગામે ઉત્સવની હેલી વહી છે જે અખંડાનંદ સાગરજી.

**સ્વામી શ્રી માધવ તિર્થજી મહારાજશ્રી (ૐ કાર સાધના, આશ્રમ લાભવેલ) :–**

પરમ પુજ્ય મંચસ્થ બીરાજમાન સંતવૃત તેમજ વહાલા ભક્તજનો હમણા થોડા સમય માટે બધાયે જોયુ એમ લાઈટ ગઈ હતી. આવા સંકેતને મહારાજ એવમ દક્ષ સંપ્રદાયમાં કહેવું એવું છે કે જયાં આધ્યાત્મીક કાર્યક્રમમાં થોડીક ક્ષણ માટે લાઈટ જાય ત્યારે ભગવાનની પ્રતીતી ભગવાનનું હાજર પણુ લાગે, મને લાગે છે કે ગુરૂ મહારાજ આપણા વચ્ચે છે, જયારે ગુરૂ શબ્દ સમજાય જાય ત્યારે બિજુ કાંઈ કરવાનું રહેતું નથી, ભક્તિ કયારે થાય, ગતી અને મતી એક હોય ત્યારે ગુરૂ ભક્તિની શરૂવાત થાય, ગુરૂ ભક્તિ માટે પાત્રતા હોવું જોઈએ અને જયાં સુધી પાત્રતા ના આવે. ત્યા સુધી ગુરૂ ભક્તિ સમાપ્ન થતી નથી અને બધાને ગુરૂ ભક્તિ પ્રાપ્ત થાય એવા આશીર્વાદ સહ ૐ નમો નારાયણ.

**પરમ પુજ્ય સ્વામીશ્રી પ્રકાશાનંદગીરીજી મહારાજ :–**

મંચ ઉપર ઉપસ્થીત સંતવૃંદ માતાઓ ભાઈઓ આજે આપણે પુજનીય અર્ચનીય વંદનીય સ્વામીજી માધવાનંદજી મહારાજની ૧૩૫ મી નિર્વાણ જયંતી મહોત્સવ નિમીતે એકઠા થયા ત્યારે વિષય છે. ગુરૂ ભક્તિ એમાય અર્ચનીય વંદનીય ગુરૂજી મહારાજશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનું જન્મભૂમિ સ્થળ એમની રજભુમી જેમ કૃષ્ણભુમિમાં ભક્તો આળોટે ને પાવન થાય છે તેવું વ્રજભૂમી એવી જ અખંડધામ પીપળીયા સ્વામીજી મહારાજની કર્મભૂમિ જેમાં જન્મ લઈને પ્રાગટય કાર્ય પૂર્ણ કર્યુ ત્યાં એક મોટા મંદિરનું નિર્માણ કાર્ય સાચપરા પરિવાર તરફથી થયુ જેમ ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વર એવા ગુરૂ ભક્તિના મહિમાથી પીપળીયા પાવન ધામમાં નિર્માણ થયું એમ માધવાનંદજી મહારાજની અંદર જેમ પાવન પવિત્ર ધામ એવા પીપળીયા ગામને ધન્ય બનાવ્યું એવા ગુરૂજી મહારાજ સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજને જોઈ આ એજ રીતે અધ્યક્ષ સ્થાને બેઠેલા ગુરૂવર્યને પણ જોવા, એમના દોષ નો જોવા જો ગુરૂમાં

દોષ જોશો તો એમના રૂણમાંથી આ જન્મમાં નહી પણ આગળના જન્મમાં પણ મુક્તિ નહી મળે, એટલે ગુરૂગીતામાં મહિમા પ્રમાણે ગુરૂનો દોષ જોવા નહી, એમની આજ્ઞાનું પાલન કરવું એ જ રીતે આપણી ગુરૂ પરમ પરા અનુસાર હોય પણ કાર્ય હોય તેની આજ્ઞા ભક્તો અને સંતો એ ગુરૂવર્ય અધ્યક્ષ સ્થાન બીરાજમાન ગુરૂજી મહારાજશ્રીનો આદેશ અનુસાર કાર્ય કરવું ગુરૂ આજ્ઞાએ પરમકૃપા છે આજ્ઞા વિનાનું કાર્ય કરશો તો ગુરૂજી મહારાજનું કઈ બગડતું જ નથી પરંતુ ગુરૂની આજ્ઞા ન પાળવાના દોષથી કયારેય મુક્ત નહી થવાય. કહેવાનો અભીપ્રાય એ છે કે ગુરૂને ભગવત્ સ્વરૂપે જોવાની ટેવ પાડો તોજ આજના દિવસની સ્વામીજી મહારાજની નિર્વાણ જયંતી મહોત્સવ સફળ થયો ગણાશે તોજ ગુરૂજી મહારાજને સાચી શ્રધ્ધાંજલી અર્પણ થઈ ગણા છે. થોડા શબ્દોમાં મારુ વ્યક્તવ્ય પૂર્ણ કરું છું.

**સ્વામી શ્રી મુકુન્દ ચરણદાસજી મહારાજશ્રી (વૈદ્યનાથ મંદિર, વલ્લભીપુર) :–**

સભા મંચપર બિરાજમાન સભાના પરમ અધ્યક્ષ શ્રી સ્વામીજી મહારાજ સંતો, મહંતો, મહામંડલેશ્વરો તેમજ ભાવિક ભક્ત વૃંદ,

આજે સ્વામીજી મહારાજની ૧૩૫ મી નિર્વાણ જયંતી મહોત્સવના પાવન અવસરે ગુરૂભક્તિ વિષયક સભામાં આગળ મહાપુરુષોએ ગુરૂભક્તિ વિષયનું જ્ઞાનની અમૃતધારા વહી છે. "ગુરૂ દેવ પરમબ્રહ્મમ્" ગુરૂવર્યને પરમ પરમાત્મા બ્રહ્મરૂપે જોવા. ગુરૂ આજ્ઞા એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય એ ગુરૂ આરૂણીના ઉદાહરણ દ્વારા સમજાવતા કહીયુ આરૂણીને ગુરૂની આજ્ઞા હતી કે તેમને આશ્રમની ગાયોને ચરાવવાનું જ કાર્ય આપીયુ હતુ. એ આજ્ઞા અનુસાર રોજ જંગલમાં ગાયોને ચરાવાની સાંજે આશ્રમમાં પરત લાવવાની કર્મભક્તિ કરતો, ત્યારબાદ ગુરૂજીની ભીક્ષાનું કામ કરી ગુરૂજીને ભીક્ષા કરાવતા. પછી ગુરૂજી ભીક્ષામાંથી જે થોડી ભીક્ષા આપે એમાં સંતોષ માને, ગુરૂજીને એમની પરીક્ષા લેવાનું મન થયુ એટલે એ ભીક્ષા પણ આપવાનું બંધ કરીયુ. પછી એ ગાયના દુધ ઉપર જીવન નીરવાર કરતા પછી ગુરુજીએ એ પણ બંધ કરવાની આજ્ઞા કરી. ગાયને ધાવતા વાછરડાના મોઢામાંથી ફીણ નીકળતા તે લેતા પરંતુ ગુરૂના કહેવા પ્રમાણે કે વાછરડાની દયા ભાવથી એ લેવાથી વાછરડા ભુખ્યા રહેતા હશે. એમના ભાગ્યનું આપડે ન લેવાય એટલે એ પણ બંધ કરીયુ. સતા રોજ આજ્ઞા અનુસાર ગાય ચરાવતા નિત્યક્રમ ચાલતું પરંતુ ભુલથી આકુળ વ્યાકુળ આરૂણી વનસ્પતિ ખાવાનું ચાલુ કરીયુ એમાં આંકડાના પાનને આરોગતા એનું દુધ આંખમાં પડતા આરૂણીની આખ જતી રહી અંધત્વ આવી ગયુ. અંધત્વ આવવા છતાં ક્રમમાં કઈ ફેરના પડયો. સવારે ગાયની પાછળ પાછળ જંગલમાં લાકડીના સહારે ગાયો ચારવા નિકળી પડતા પરંતુ દ્રષ્ટી ન હોવાથી તે કુવામાં પડી ગયા અને ગાયો સાંજ થતા આશ્રમમાં પરત ફરી પણ આરૂણી ના આવ્યા. ગુરૂજીને ચિંતા થવા માંડી એટલે એમને ગોતવા નીકળી પડયા જંગલમાં આરૂણી, આરૂણી, ગુરૂજીનો અવાજ સાંભળતા આરૂણી કૂવામાંથી બોલ્યા. ગુરૂજી ગુરૂજી હું અહીંયા છુ. ગુરૂજી બોલ્યા બેટા અહીયા આવીજા તો આરૂણી બોલ્યા હું ગુરૂજી તમારી આજ્ઞા અત્યારે હું પાળી શકું એમ નથી. હું કૂવામાં પડી ગયો છું, ગુરૂજી બોલ્યા બેટા કેમ કુવામાં પડી ગયો ત્યારે અરૂણી બોલ્યા ભૂખ્યા આકડાના પાન ખાતા આંખમાં જતા રહેવાથી આખથી અંધત્વ આવતા હું કૂવામાં પડી ગયો હતો. ત્યારે ને ત્યારે ગુરૂજીએ આશીર્વાદ દીધા કે જા બેટા મારી પાછે જે વેદ વિદ્યાનું શાસ્ત્રોનું સમસ્ત જ્ઞાન તને પ્રદાન કરું છું. તેજ સમયે અશ્વીની કુમારોને બોલવી એમની આંખોને સારી કરી એજ રીતે બીજો પ્રસંગ પણ આરૂણીનો ગુરૂભક્તિનો દાખલો અંતરમાં ઉતારવા જેવો છે કે ગુરૂ આજ્ઞા અનુસાર વરસાદની ઋતુમાં ખૂબ જ વરસાદના સમયે આશ્રમની વાડીમાં તપાસ કરવા જવાની આજ્ઞા કરી ત્યાં વાડીમાં એક પાળો થોડો ધોવાવા માંડીયો કોઈ આસરો નહોતો અન્ય ઉપાય પણ સુજતો ન હતો તો તે પોતે પાળાના ધોવાણની આડા સુઈ ગયા પુરી રાત્રી જવા સતા આરૂણી પરત ના આવ્યા પોતાના શરીર કરતા ગુરૂ આજ્ઞા મે ઉચ્ચ સમજી આખી રાત્રી ગુરૂ આજ્ઞામાં રહી આડા સુઈ રહીયા એજ સાવી ગુરૂભક્તિ છે આવી જ ગુરૂ ભક્તિ આજ્ઞામાં જીવી વેદ શાસ્ત્રોનો અભ્યાસ કરીને જ્ઞાન મેળવવું પરંતુ ન જ્ઞાન હોવા સતા ગુરૂ આજ્ઞાકીય ભક્તિ મળે અને ગુરૂકૃપા રહે એવું સર્વને ગુરૂ ભક્તિનું જ્ઞાન થાઈ અને એના આશીર્વચનો મળતા રહે એજ મારી

સ્વામીજી મહારાજને મારી શ્રધ્ધા સુમન સહ વિરમું છું.

**પરમ પુજ્ય પરમાદર્શ મહામંડલેશ્વર સ્વામીશ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજ (ગૌતમેશ્વર મહાદેવ, શિહોર) :–**

ૐ પરમાત્માને નમઃ

પરમ આદર્ય સંતવૃંદ ભક્તિવતી માતા, બહેનો તેમજ ભાઈઓ.

શ્રધ્યે ભક્તિ વૃંદ મંચ ઉપર ઉપસ્થીત સંત મહંતોને સાંભળીયા ગુરૂ ભક્તિ કરવા માટે શું કરવું જોઈએ. ગુરૂને પોતાના ભાવ સમર્પણ કરવા જોઈએ. આગળ મહંતે આરૂણીના ઉદાહરણ સમ્ આજ્ઞાનું દ્રઢ ભક્તિમય જીવનની જાખી કરી તેના ઉપરથી હું તમને ગુરૂ પ્રત્યેની નિષ્ઠા રહે એ માટે થોડા સુચન આપવા માંગુ છુ. "સત્યમ વદ" સત્યનું આચરણ કરવું વ્યાપારમાં તો ખોટુ થોટું બોલવું પડતું હોય પરંતુ ઘરે તો સત્ય બોલો પતી-પત્ની, મા-બાપ અને બાળકોની વચ્ચે સત્યતાનું પાલન કરો. તોજ ગુરૂકૃપા તમારા પર ઉતરે "ધર્મમ્ સર" આપણો ધર્મ છું. પુજા, પાઠ, તીલક, માળા એજ નહી પરંતુ ઘરમાં વડીલોનો આદર કરો એને તમારાથી દુઃખનો પહોંચે એ તમારી ફરજ છે. પણ હાલનો સમાજ ધર્મ ચુકી ગયો છે. હવે તો ઘરડા મા-બાપને વૃધ્ધાશ્રમ મુકીયાવે છે. આ ધર્મ-અધર્મથી શું અહીયા આવીને ગુરૂભક્તિનું ફળ મળશે એમની સેવા કરવાનો આપણો ધર્મ છે એમને થોડું પણ દુઃખના લાગે એ આપણો ધર્મ છે. જો અત્યારે માવતરની જીવતા જ સેવા કરી લેજો તો તમને તમારા પિતૃ નહી નડે.

"માતૃદેવો ભવઃ" પહેલા મા કેમ અને પછી બાપ આપણા શરીરનો ૯૦% ભાગ માતૃત્વથી બન્યુ હોય છે. જે આથી જ માતૃદેવો ભવઃ નું પુજન પહેલા થાય છે.

"પિતૃદેવો ભવઃ" પિતાને દેવમાનો એમની આજ્ઞામાં રહો એનો આદર કરો એની સેવામાં હાજર રહો. એમનામા પરમ તત્ત્વ જોવું. "અતીથી દેવોભવ્ઃ" આપણા આંગણે આવેલા વ્યક્તિને ભગવત સ્વરૂપે જોવું એમનું સન્માન કરવું અને છેલ્લી વાત કહીદવ.

આશ્રય (ગુરૂદેવો) ભવ્ઃ પરમ કૃપાળુ ગુરૂવર્યને પરમ પરમાત્માના રૂપે જોઈ એમની આજ્ઞામાં રહીને એમની સેવામાં અવીરત રહી પરમ પદને પ્રાપ્ત થવાય છે. એજ શબ્દ સાથે હું વિરમું છું કે પરમ પરમાત્મા આપને ખુશ રાખે એવા મારા આશીર્વાદ.

**પરમાદર્શ મહામંડલેશ્વર સ્વામીશ્રી વિશ્વાત્માનંદપુરીજી મહારાજ (સાધના સદન આશ્રમ, હરીદ્વાર) :–**

માધવપીઠાધી પતી શ્રી સ્વામીજી મહારાજ એવમ્ મહામંડલેશ્વર વિંદ તેમજ સંતવિદ્ ભાઈઓ અને બહેનો,

બડાહી સુંદર જ્ઞાન સંતો દ્વારા દિયા ગયા હૈ તૈત્તિરીયોપનિષદ્ મે બતાવીયુ છે કે આપણે જન્મ લઈએ ત્યારે ત્રણ રૂણથી બંધીત થયે છીએ. (૧) રૂણ - માતૃપિતૃ રૂણ (૨) રૂણ દેવ રૂણ અને (૩) રૂણ રૂષીરૂણ આજ રૂણોમાંથી મુક્ત થવા ગુરૂ ભક્તિ દ્વારા મોક્ષ માર્ગને સાધના સુધી પહોંચાડે છે અને બ્રહ્મ વિદ્યા સુધી જ્ઞાન જ ગુરૂવર્ય. પાછેથી પ્રાપ્ત થાય છે. જયારે આપણે વેદાન્ત શાસ્ત્રની યોગ્યતા કેળવીયે છીએ. ભગવદ્ ગીતામાં શ્રેત્ર-શ્રત્રજ્ઞની વાત કરી છે બ્રહ્મ વિદ્યા કયા સાધનથી પ્રગટ થાય છે એવા સાધનનું વર્ણન કર્યું છે એના માટે વેદની ઉપાસના કરવી પડે છે. એવા બધા અર્થનું જ્ઞાન વેદ બતાવે છે. એવો વેદ કોના દ્વારા પ્રાપ્ત કરી શકો છો. એવી જ રીતે ભગવાન શંકરાચાર્યની પરંપરામાં જે સંતો તેના દ્વારા તમે સાંભળ્યું છે એવા જ્ઞાન દ્વારા ભવરોગથી મુક્તિ અપાવે છે જન્મ મરણથી મુક્ત થવું છે. તેવું ઉપનિષદ પુરુષનું જ્ઞાન મેળવવા માટે વેદની ઉપાસના કરવી પડે છે જે ઉપનીસદ્ પતી સાચી છે. તેના માટે પરાભક્તિ હોય છે. ભગવાનની ભક્તિ ચાર પ્રકારના લોકો કરે છે એમાંથી આશ્રમી ભક્તિ આપણે જીગનાશુ છીએ તો જ્ઞાની માટેની ભક્તિ એવા પરમાત્મા કહો, ભગવાન કહો જ્ઞાની પુરુષોનું એ જ "અહમ્ બ્રહ્માસમી" આજના આરાધ્ય પુરૂષ એવા મહાત્મા સ્વામીજી મહારાજની ભક્તિ પરમેશ્વર પરાભક્તિ કહેવાય છે નિર્પેક્ષ ભાવથી શ્રી પરમાત્મારામ થી અભીન્ય હોવાથી એવા ગુરૂવર્યને જ મહાત્મા કહેવાય, વેદોએ આપેલા મંત્ર દ્વારા એમનું જ્ઞાન સમજણમાં આવે છે. આવા પરમાત્મા તત્ત્વને જાણવું હોય તો વેદો દ્વારા આપેલા મંત્રોથી જ એમને જાણી શકાય વેદને નો જાણો તો અને જ્ઞાન મેળવવા આપણી બુદ્ધિ લગાવીયે તો બ્રહ્મજ્ઞાન થતું નથી.

આવા મહાપુરુષો દ્વારા જીગ્નાશુ ભક્ત

બ્રહ્મજ્ઞાનને જાણીને મોક્ષ પદને પ્રાપ્ત કરી શકે છે. આવા બ્રહ્મજ્ઞાની ગુરૂજી તમારું આરોગ્ય સારૂ બનાવે અને ભક્તિ મયજીવન મા મોક્ષ પદના ભાગીદાર બનાવે એવા શબ્દ સાથે વિરામ.

**માધવપીઠાધી પતી પરમ પુજ્ય મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી :–**

**ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુંરૂર્દેવો મહેશ્વરઃ**
**ગુરૂઃ સાક્ષાત પરમ બ્રહ્મ તસ્મેશ્રી ગુરવે નમઃ**
**ધ્યાનમુલં ગુરોર્મૂર્તિ પૂજામૂલં ગુરોઃ પદમ્**
**મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃકૃપા**

પરમ શ્રધ્ધેય પરમ આદરણીય બ્રહ્મ સ્વરૂપ મહામંડલેશ્વર હરીદ્વારથી પધારેલા આચાર્ય, શિહોર થી પધારેલા મહામંડલેશ્વરજી તેમજ મહામંડલેશ્વર વૃંદ સંતવૃંદ ભાવિક ભક્ત વૃંદ ભાઈઓ અને બહેનો.

જે મહાપુરુષો એમનો કિંમતી સમય કાઢીને દૂર દૂરથી અહીં પધાર્યા એવા વિશ્વ વંદનીય મહાત્માના શરણ કમળોમાં વંદન.

મનુષ્ય જીવનમાં (પોતાના સ્વરૂપને) મંગળમય બનાવવા માટેનો સુવર્ણ અવસર મળ્યો છે. જીવનના સીધ્ધા રસ્તામાં વળાંક જેમ ચુકી જવાથી ભટકી જવાય છે. એવી રીતે આ અવસરમાં જ્ઞાનની પ્રાપ્તિ ન થાય તો આપણે ભટકી જવાય છે તેવી જ રીતે મહાપુરુષોના કથા પ્રમાણે એનુ જ્ઞાનને અંતરમાં ઉતારવાથી આત્માનો ઉધાર થાય યોવન કાળમાં બહેનોને ફેશન અમે ભાઈઓને વ્યસન છોડવાનું છે જયાં સુધી વ્યસન છુટસે નહી ત્યાં સુધી જ્ઞાનની પ્રાપ્તી થતી નથી અને એના લાભ પ્રાપ્ત થતા નથી એટલા માટે પશુતુલ્ય જીવન છોડો અને મનુષ્ય રૂપી જીવન બનાવવો એવો જ મારો તમને આશીર્વાદ છે. એજ ગુરૂજી માટેની શ્રધ્ધાંજલી સફળ થઈ ગણાય છે.

**સ્વામીજી મહારાજશ્રીની આગળના વર્ષની પવિત્ર પૂર્ણ નિર્વાણ જયંતી મહોત્સવ પાલડી ગામે રાખેલ છે.**

જયશ્રી સચ્ચિદાનંદ

## શ્રી માધવાનંદ આશ્રમ (રાજપરાભાલ)

રજુ. કોશીયા ચિરાગ જી.
રાજપરા (ભાળ)

તારીખ : ૨૨-૧૧-૨૦૧૫ ના રોજ ગામ રાજપરા (ભાલ) મુકામે. પ.પુજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીના હસ્તે.

પરમ પુજ્ય પ્રાતઃસ્મરણીય પ્રગટ બ્રહ્મ સ્વરૂપ ત્યાગમૂર્તિ વૈરાગ્ય ભાસ્કાર વેદાન્ત માર્તન્ડ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીની પ્રતિકૃતિની પ્રતિષ્ઠા કરવામાં આવી.

રાજપરા (ભાલ) મુકામે નવ નિર્માત આશ્રમનો સર્વસેવક માટે ખુલ્લો મુકવા માટે ત્યાં પુજ્ય સ્વામીજી તથા પુજ્ય મોહનાનંદજી પુજ્ય સ્વામી વિવેકાનંદજી ત્યાં પુજ્ય સ્વામી હરિહરાનંદજી ઉપસ્થિત રહ્યા હતા અને સર્વે ભક્તવૃંદને આશીર્વચન પાઠવ્યા હતા.

આ પ્રસંગે પુજ્ય બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજશ્રીએ પ્રવચનનો પ્રારંભ કર્યો હતો.

**ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુંરૂ દેંવો મહેશ્વરં**
**ગુરૂ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

પ.પુ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ તથા પ.પુ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી મોહનાનંદ સ્વામી તથા ઉપસ્થિત મુમુક્ષ ભાઈઓ તથા બહેનો.

ભગવાનની મહાન કૃપાથી આપણને મંગળમય મનુષ્ય જન્મ મળ્યો છે. આ મનુષ્ય જન્મની અંદર મનુષ્યનું પરમ કર્તવ્ય પરમાત્માને જાણવા. કારણ કે આ મનુષ્ય જન્મની અંદર પરમાત્માને જાણી શકાય છે.

મનુષ્ય જન્મને હંમેશા ઉત્તમ બનાવા પ્રયત્ન કરવો જોઈએ. ભગવાન શ્રી કૃષ્ણ શ્રીમદ્ ભગવત ગીતાના અધ્યાય ૬ માં કહ્યું છે.

**ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્ ।**

**આત્મૈવ હ્યાત્મનો બન્ઘૂરાત્મૈવ રિપુરાત્મનઃ ॥**

(પોતાના વડે પોતાનો સંસાર-સાગરથી ઉદ્ધાર કરે અને પોતાને અધોગતિમાં ન નાખે; કારણ કે માણસ પોતે જ તો પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે.)

જો આત્માનું અવપાદન થવામાં પ્રયત્ન કરે તો પોતાનો શત્રુ છે અને જો આત્માને ઉર્ધ્વગામી બનાવાનો પ્રયત્ન કરે તો એ આત્માનો મિત્ર છે. એટલે હંમેશા મનુષ્ય પોતાના આત્માને ઉર્ધ્વગામી બનાવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેવી રીતે કોઈને રોગ થયો હોય તો એ દવા જયારે પોતે લે ત્યારે જ એનું કલ્યાણ થાય છે. બીજા ભલે ગમે તેટલા ઉપાય કરે છતા પણ જયાં સુધી તે પોતે દવા લેતો નથી ત્યા સુધી તેને રોગ મટતો નથી. બસ એવી રીતે જ જે આપણને ભવરોગ થયો છે. તેની દવા પોતે જયાં સુધી પોતે કરે નહી પોતાના આત્માને જાણે નહી. ત્યાં સુધી ગમે તેટલા બીજા ઉપાય કરવા છતા આ ભવનો રોગ છે એ કોય પણ કાળે મટતો નથી.

ભગવાન શંકરાચાર્ય કહે છે કે મોટામાં મોટો રોગ હોય તો જન્મ અને મરણ રૂપી મોટામાં મોટો રોગ છે. એટલે એમને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો આ મનુષ્ય જન્મમાં દૂર કર્યો નહીં. તો બીજો કોઈ એવો જન્મ નથી જેમાં આ રોગમાંથી છૂટી શકાય એટલે હંમેશા આપણે એક એક પલનો વિચાર કરવો જોઈએ. ગયેલી પળ ગમે તેટલા પૈસા હોવા છતા પાછી મળવાની નથી જો કાળ છે એ હંમેશા મનુષ્યની પાછળ પડયો છે. જે ૨૪ કલાકની અંદર ૨૧,૬૦૦ શ્વાસોશ્વાસ ચાલે છે અને નીરંતર કાળ ખાય રહ્યો છે.

**વિજળીને ચમકારે મોતીડા પરોવો પાનબાઈ**
**અચાનક અંધારા થાશે જી (૨)**
**જોત રે જોતામાં દિવસો વિચા રે જશે બાઈજી**
**એક વિસ હજાર છસો કાળ ખાસે જી (૨)**

બોલો આપણે સંસારમાં જોઈએ. એવા સાઈકલથી લઈને એરો પ્લેન જેવા બધા જ વાહનોમાં બ્રેક છે. પણ મનુષ્ય જન્મને કોઈ બ્રેક નથી. એ નીરંતર કાળના મોઢામાં ચાલુ જ રહે છે. જો એમાંથી આણને ભગવાનનું ભજન જ બચાવી શકે છે. સંસારમાં ભલે ગમે તેટલા પદાર્થો હોવા છતા પણ તે કોઈ કામમાં આવવાના નથી. અંતે તો એ પરમાત્માનું નામ લીધું હશે એજ કામમાં આવશે.

**અંતે નહી કોઈ કામનું પ્રભુનું લેને નામ**
**મારગ મળે છે ઉતાવવો કોઈ આજ કોઈ કાલ**
**સાંભળ શુધ્ધ ચીતે કરી**

જો આ સંસારમાંથી બચવું હોય તો જો પરમાત્મામાં પ્રેમ થાય ત્યારે જ આ માંથી બચી શકાય જયાં સુધી સંસારમાં પ્રેમ છે ત્યાં સુધી કોઈ પણ કાળે છૂટી શકાતુ નથી. સંસાર છે એતો દૂઃખ રૂપ છે. એમાં જો લેશ માત્ર આનંદ હોય તો એ પરમાત્માના લેશ માત્ર આનંદથી સંપૂર્ણ સંસાર આનંદીત થઈ રહ્યો છે. એટલે જો જેને સુખી થવું હોય તો હંમેશા પરમાત્માનું ભજન કરવું આ મનુષ્ય જન્મ વારે વારે મળતો નથી. એટલે એનો બરાબર વિચાર કરજો.

**આ માનવ અવતાર ન આવે વારંવાર**
**તું સમજી સમય સુધા આતો પંખી મોળો છે.**
**જેમ પાણીનો પરપોટો, પલભરમાં ફુટી જાય (૨)**
**અણધાર્યુ આતમ પંખી, પીંજરેથી ઉડી જાય (૨)**
**કોઈ માને કે ન માને (૨) ફોગટમાં શું ફુલાય**
**દુનિયા છે દુઃખનો દરીયો,સૌ એમાં ડુબકા ખાય (૨)**
**ધાર્યુના કોઈનું થાય, ધાર્યુ પ્રભુનું થાય (૨)**
**કોઈ માને કે ન માને(૨) સંતસંગ એળે ન જાય,**
**ભવની ભુલવણી ભારે,તું ભટકી ગામો ગામ(૨)**
**ભક્તિનું ભાથું ભરતો, રાજી થઈ જશે રામ (૨)**
**કોઈ માને કે ન માને (૨) સંતો સમજાવે સાર.**
**આ માનવ અવતાર ન આવે વારંવાર (૨)**
**તુ સમજી સમય સુધાર,આ તો પંખી મેળો છે(૨)**

**સદ્‌ગુરૂ દેવ કી જય... જય સચ્ચિદાનંદ...**

**॥ શ્રધ્ધાંજલી ॥**

ધર્મજ ગામના સ્વ. ગોરધનભાઈ ભાઈલાલભાઈ પટેલ (ઉમર વર્ષ ૮૩) સંવત ૨૦૭૨ માગસર સુદ ૧૩ ને તા. ૨૩/૧૨/૨૦૧૫ ને બુધવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

# ❋ એકાદશી એક મહાન તપ

રજુ. કોમલ ઉમેશભાઈ ગોરસીયા
મોર ચુપણા

**એકાદશીની ઉત્પત્તિ**

વ્રત ઉપવાસને પાપ-તાપ, દુઃખ-દારિદ્રય તથા રોગોનો નાશ કર્તા માનવામાં આવે છે. એકાદશી અર્થાત્ પ્રત્યેક માસના બંને પક્ષો (વદ-સુદ) અગિયારમી તિથિ. પુરાણોમાં બધાં વ્રતોમાં શ્રેષ્ઠ એકાદશી વ્રતની બહુ ભારે મહિમા બતાવવામાં આવી છે.

મનુષ્ય માત્રને સુખઃશાંતિ તેમજ સ્વાસ્થ્ય પ્રદાન કરવા માટે ભગવાન નારાયણના અંગથી જે કન્યાની ઉત્પતિ થઈ તે કન્યા પાવન એકાદશીના નામથી પ્રખ્યાત થઈ. ભગવાન નારાયણે પ્રસન્ન થઈ દેવી એકાદશીને વરદાન આપ્યું **''જે મનુષ્ય ભક્તિપૂર્વક પ્રત્યેક એકાદશી તિથિએ વ્રત કરશે તેની બધી મનોકામના પૂર્ણ થશે અને નિઃસંદેહ બ્રહ્મ હત્યા જેવા પાપોથી પણ તે મુક્ત થઈ જશે.''**
વેદ વ્યાસજીએ કહ્યું છે;

**નાસ્તિ એકાદશી તુલ્યં વ્રતં ત્રૈલોક્ય વિશ્રુતમ્ ।**
**તપો નાનશનાતુલ્યં નાસ્તિ માતૃસમો ગુરુઃ ॥**

અર્થાત્ એકાદશી સમાન ત્રિભુવન વિખ્યાત કોઈ વ્રત નથી, ઉપવાસ સમાન કોઈ તપસ્યા નથી તથા માતા સમાન કોઈ ગુરુ નથી.

**એકાદશી સર્વશ્રેષ્ઠ તપ**

સનાતન સંસ્કૃતિ તપથી ઉત્પન્ન થઈ છે ભગવાન નારાયણે હજારો વર્ષ તપસ્યા કરી બ્રહ્માજીને ઉત્પન્ન કર્યા. બ્રહ્માજીએ હજારો વર્ષ તપસ્યા કરી ભગવાન નારાયણના આદેશથી સૃષ્ટિની રચના કરી અર્થાત આપણી સૃષ્ટિના પ્રારંભ અને સ્થિતિમાં પણ તપ છે.

દૂધ જો કાચું રહી જાય તો ફાટી જાય છે. પરંતુ જો તેને ઊકાળવામાં આવે તો તે વધારે સમય સુધી ટકે છે. સૂર્ય નારાયણ જેટલું વધારે તપે છે વરસાદ તેટલો સારો આવે છે અને ધરતી જેટલી તપે છે. ફસલ એટલી જ વધારે સારી ઉત્પન્ન થાય કહ્યું છે. સર્વ પાપહારી એકાદશીનું વ્રત મનુષ્યને પાપ તેમજ ભયથી મુક્ત કરી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રદાન કરનારું છે. એકાદશીની રાત્રિએ જાગરણ કરી, જે ભગવાન નારાયણનું કમળના પુષ્પોથી પૂજન અને વ્રત કરે છે તેના પુણ્યોની ગણના સ્વયં બ્રહ્માજી પણ કરવામાં અસમર્થ છે.

**એકાદશીના દિવસે પથ્ય-અપથ્ય આહાર.**

એકાદશીના દિવસે ફળ અથવા ફળોનો રસ, દૂધ કે પાણી પર રહેવું વિશેષ લાભદાયક છે. અશુદ્ધ દ્રવ્યથી બનેલું પીણું, કોલ્ડ ડ્રિંક્સ તથા ફળોના ડબ્બાબંધ રસ ન પીવા, બે વાર ભોજન ન કરવું. આઈસ્ક્રીમ તેમજ તળેલી ચીજો ખાવી નહીં.

બીમાર કે વૃદ્ધ જે એકાદશીનું વ્રત નથી કરી શકતા તે એકટાણું કરે પરંતુ ભોજનમાં ભાત ખાવા નહીં કારણ કે ભવિષ્ય પુરાણ અનુસાર એકાદશીના દિવસે બ્રહ્મ હત્યા જેવા બધાં દોષ ભાતમાં હોય છે.

**એકાદશી અને સ્વાસ્થ્ય**

કોઈ પણ રોગ કોઈને કોઈ પૂર્વકૃત પાપથી જ થાય છે. જેનો ક્ષય વ્રત, દાન-પુષ્યથી કરી શકાય છે. એકાદશી વ્રતથી સહજમાં જ પાપોનો ક્ષય અને ભગવાન નામ જયથી પુણ્યોની પ્રાપ્તિ થાય છે. જેના કારણે સહજતાથી શારીરિક સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે. આપણા ઉપયોગમાં આવવાવાળા યંત્રના મશીનની સફાઈ અને Maintenance માટે પણ એમને આરામ આપવો પડે છે. ગેરેજમાં આપવા પડે છે.

લીવર, કિડની વગેરે ૨૪ કલાક કામ કરે છે. તેમને પણ જો ૧૫ દિવસમાં એક વાર ઉપવાસ કરીને આરામ આપવામાં આવે તો de-toxification અર્થાત શરીરની સફાઈ તેમજ શરીરરૂપી યંત્રની Servicing પણ થઈ જાય છે. જેના કારણે આ ગાડી સુચારુ રૂપથી ચાલે છે.

**અર્થાત્ એકાદશી વ્રતનો ફાઈનલ નિષ્કર્ષ**
**''શરીરનું સ્વાસ્થ્ય તેમજ મનની પ્રસન્નતા.''**

Do 1 Get 11 Free

આજના મનુષ્યની માંગ છે કે Buy 1 Get 1 Free અર્થાત એકની ઉપર એક મફત. એક એકાદશીના ઉપવાસથી ૧૧ ફાયદા મફતમાં મળે છે જેમ કે-

૧. જે પુણ્ય ગૌ-દાન, સુવર્ણ-દાન, અશ્વમેઘ યજ્ઞ તેમજ સૂર્યગ્રહણમાં દાન કરવાથી થાય છે તેનાથી પણ વધારે પુણ્ય એકાદશી વ્રતથી સહજમાં પ્રાપ્ત થઈ જાય છે.

૨. એકાદશી વ્રત કરવાવાળાના પિતૃઓ નીચ યોનિથી

મુક્ત થઈ જાય છે. પિતૃઓની પ્રસન્નતા પ્રાપ્ત થવાથી ઘરમાં સુખ શાંતિ રહે છે.

૩. વિઘ્ન-બાધા, કલહ-કલેશ રોગ-કષ્ટ તેમજ માનસિક અશાંતિ દૂર થાય છે. તથા લક્ષ્મી સ્થિર રહે છે.

૪. યશ, કીર્તિ, શ્રદ્ધા-ભક્તિ તથા રસમય જીવનની પ્રાપ્તિ થાય છે તેમજ મનની પ્રસન્નતા વધે છે.

૫. પંદર દિવસમાં એક વાર ઉપવાસ શરીરના યંત્ર-લીવર, કિડની, જઠરાગ્નિ વગેરેને આરામ આપીને શુદ્ધ કરે છે જેના કારણે તે સ્વસ્થ થઈને વધારે સારું કામ કરે છે.

૬. એકાદશી વ્રતથી દીર્ઘાયુ તેમજ ઓજ, તેજ પ્રાપ્ત થાય છે.

૭. આત્મબળ, આત્મવિશ્વાસ, દ્રઢતા તેમજ નિર્ભયતા જેવા સદ્‌ગુણ સહજમાં જ પ્રાપ્ત થાય છે.

૮. ધર્માર્થી ધર્મ પ્રાપ્ત કરે છે, અર્થાર્થી અર્થ પ્રાપ્ત કરે છે, કામના વાળાની કામના પૂર્ણ થાય છે અને પુત્રાર્થી પુત્ર પ્રાપ્ત કરે છે.

૯. રાજસૂર્ય, વાજપેય તેમજ અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે તથા બધા મનોરથ પૂર્ણ થઈ જાય છે. (પદ્મ પુરાણ)

૧૦. જે મનુષ્ય એકાદશી-માહાત્મ્યનો પાઠ કરે છે તેને ૧૦૦૦ ગૌદાનના પુણ્યનું ફળ પ્રાપ્ત થાય છે તથા એકાદશી વ્રત કરનાર વૈકુંઠ ધામમાં જાય છે.

૧૧. એકાદશીનું વ્રત કરવાથી મનુષ્યના સાત જન્મોના પાપ નાશ થઈ જાય છે, તેમાં કોઈ સંદેહ નથી.

તો કેમ નહીં આપણે એકાદશીનું વ્રત પોતે પણ કરીએ અને બીજાને પણ કરાવી એ અને Do 1 Get II Free નો લાભ પ્રાપ્ત કરીએ. એટલું જ નહીં જે કાળા ડામરની સકડો પર વાહન ચાલે છે. તે કાળા ડામરને પણ પહેલાં તપાવવામાં આવે છે તે પછી જ તેને ફેલાવીને સડક બનાવવાનાં ઉપયોગમાં લેવામાં આવે છે. સુવર્ણ જયારે તપે છે. ત્યારે આભુષણના રૂપમાં પરિવર્તિત થાય છે. તેવી જ રીતે માનવ જીવનમાં જેટલું વધારે તપ હશે એટલો જ તે વધારે નિખરશે, એટલા જ સુખ-વૈભવ અને શાંતિને મનુષ્ય પ્રાપ્ત કરશે તથા એટલો જ વધારે સામર્થ્યવાન અને શક્તિશાળી બનશે.

અથર્વવેદમાં કહ્યું છે **'દિવમા સહત્ તપસા તપસ્વી'** અર્થાત્ જે તપ કરે છે. તે ઊંચુ ઊઠે છે. તપ કર્યા વગર કોઈની પણ ઉન્નતિ થઈ શકતી નથી.

તેથી આપણા દૈનિક જીવનમાં તપસ્યાની પ્રધાનતા હોવી જોઈએ. એકાદશી વ્રત તપસ્યાનો જ એક હિસ્સો છે. પ્રતિદિન તમે ત્રણ-ચાર વાર ભોજન કરો છો પરંતુ જયારે વ્રત કરો છો ત્યારે નિરાહાર રહો છો અથવા એક ટાણું કરો છો આ તમારું તપ થયું. તપસ્યા મનુષ્યનો નિખાર છે, ઉપર ઊઠાવે છે તથા તપસ્યાથી જે પ્રાપ્ત થાય છે તે મનુષ્યના જીવનમાં દીર્ઘકાળ સુધી ટકે છે.

**એકાદશી વ્રત જ કેમ ?**

એકાદશી વ્રત પાપ-તાપ, દુઃખ દારિદ્રય તથા રોગોનો નાશ કરનાર માનવામાં આવે છે. ૫ કર્મેન્દ્રિય, ૫ જ્ઞાનેન્દ્રિય = ૧૦, ઈન્દ્રિય + ૧ મન = ૧૧ ઈન્દ્રિય. ભગવાન વિષ્ણુના દસ અવતાર અને એક પરબ્રહ્મ પરમાત્મા. આ પણ ૧૧. ચંદ્રમાની સ્થિતિ પણ ૧૧. ચંદ્રમાં મનના કારક દેવતા છે. ચંદ્રમાનો પ્રભાવ તન, મન પર પડવાથી આ તિથિએ શરીરની અસ્વસ્થતા અને મનની ચંચળતા સ્વાભાવિક રીતે વધી જાય છે. એટલે મનને નિયંત્રિત કરવા માટે એકાદશી વ્રત ઉત્તમ માનવામાં આવે છે "ભોગ અને મોક્ષ આપનાર એકાદશીના દિવસે જે મનુષ્ય વ્રત કરે છે તે ચાંડાળ હોવા છતાં મને પ્રિય છે" - એમ ભગવાને.

**॥ શ્રધ્ધાંજલી ॥**

આકરૂ ગામના (હાલ ભાવનગર) સ્વ. ચતુરભાઈ ત્રિભોવનભાઈ મકવાણા સંવત ૨૦૭૧ ભાદરવા વદ ૧૪ ને તા. ૧૧/૧૦/૨૦૧૫ ને રવિવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

પાલડી ગામના (હાલ સુરત) સ્વ. ગણેશભાઈ દેવજીભાઈ ભરોડિયા (ઉમર વર્ષ ૮૨) સંવત ૨૦૭૨ પોષ સુદ ૧૫ ને તા. ૨૩/૦૧/૨૦૧૬ ને શનિવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

# બે વાતનું સ્મરણ જો રહે...

રજુ. મધુબેન ડી. બોઘરા
(પીપરીયા)

શ્રી સદ્‌ગુરૂદેવને કોટિ કોટિ પ્રણામ.

બે વાતનું સ્મરણ જો રહે તો જીવન નિહાલ છે, સફળ છે. એક તો શ્રી હરિનું સ્મરણ અને બીજું મરણનું સ્મરણ. શ્રી હરિના સ્મરણથી મનને બળ મળે, મન શુદ્ધ થાય અને મરણના સ્મરણથી મનનો વેગ ધીમો પડે, મન ભટકતું બંધ થાય.

આપણુ મન ઈર્ષ્યા, ધૃણા, નફરત, વેર ઈત્યાદિથી ઘેરાઈ ગયું હોય અને જો ઓચિંતા જ કોઈ સ્વજનના મૃત્યુ ના સમાચાર મળે ત્યારે એક પલ માટે આપણને એવો વિચાર આવી જાય કે 'આપણે પણ એક દિવસ બધુ છોડીને આ જ રીતે ચાલ્યા જઈશુ' એ રીતે આપણને મરણનું સ્મરણ થાય છે તો તુરંત મન ઈર્ષા, ધૃણા, નફરત થી મુક્ત થઈ જાય છે. આવો અનુભવ બધાને જ થતો હોય છે. પરંતુ આપણી કરૂણા એ છે કે આપણે આ વાત બહુ જલ્દી ભૂલી જઈએ છીએ. પરિણામે હતા ત્યાંને ત્યાં પાછા આવી જઈએ છીએ.

પૂ. શ્રી ગુરૂ મહારાજશ્રી એક દ્રષ્ટાંત આપતા. એક ચોબાજી મથુરાથી ગોકુળ જવા નીકળ્યા. હોડી વાટે જવાનું હતું. ચોબાજી ભાંગના નશામાં હતા. હોડીમાં બેઠા અને હલેસા મારવા લાગ્યા. મનમાં વિચારે છે "અભી નાવ પહોંચ જાયેગી, અભી ગોકુલ આ જાયેગા." આખી રાત નાવ ચલાવી સવાર પડયું. ચોબાજી વિચારવા લાગ્યા "આ મથુરા જેવું જ વળી કયું ગામ આવ્યું ?" કોઈને પુછ્યુ ! "આ કયું ગામ છે ?" ઉત્તર મળ્યો "મથુરા છે." ભાંગનો નશો ઉતર્યો ત્યારે ચોબાજીને પોતાની મુર્ખતા સમજાઈ. નાવ દોરીથી ઘાટ સાથે બાંધેલી હતી. નશાની અસરમાં નાવને બાંધેલી દોરી છોડવાનું ભૂલી ગયેલા. આખી રાત નાવ ચલાવી પણ હતા ત્યાં ને ત્યાં.

દ્રષ્ટાંત સાંભળીને આપણને હસવું આવે તે સ્વાભાવિક છે. પરંતુ આ તો આપણી જ વાત છે ! ઈન્દ્રિય સુખનો નશો દરેકને ચડેલો છે, એમાં માણસ એ પણ ભૂલી જાય છે કે, "હું કોણ છું ? કોની સાથે સંબંધ રાખું છું ? શું વિચારૂ છું ? શું કરૂં છું ?" માણસ સત્સંગ ભજનમાં જાય પરંતુ માન, પ્રતિષ્ઠા, પૈસા અને મોહના નશામાં સત્સંગ, ભજન કે દર્શનમાં આનંદ આવતો નથી. પૂ. શ્રી ગુરૂ મહારાજશ્રી દ્રષ્ટાંતનો સિધ્ધાંત સમજાવતાં કહે છે કે "વાસનારૂપી દોરીથી બંધાયેલી ઈન્દ્રિય, મનને છોડાવવાની છે. વિષયોની વાસના, પૈસા, પ્રતિષ્ઠા ધન-સંપત્તિ અને સંતતિ ઈત્યાદીની વાસનારૂપી દોરીથી દરેક જીવ બંધાયેલા છે આત્મ ચિંતન દ્વારા જીવ વાસના રૂપી દોરીથી છુટી શકે મુક્તિનો અનુભવ કરી શકે."

આપણને તો ચોબાજીની જેમ નશાને લીધે એજ ખબર નથી કે આવી કોઈ દોરીથી આપણુ મન મજબુત રીતે બંધાયેલુ છે જેને છોડાવવાનું પણ જરૂરી છે. પુણ્યનો ઉદય થાય, ભગવદ્ કૃપાથી જ્ઞાન પ્રકાશ થાય તો આપણને આ દોરી દેખાય. એ દોરીની ગાંઠ તેની પકડ કેટલી મજબુત છે તે સમજાય.

આપણા જેવા સામાન્ય જીવો આપ બળે આ બંધનથી છુટવા સમર્થ નથી. એનો મતલબ એ પણ નથી કે આપણે નિરાશ થઈ બેસી જવું. સમર્થ સદ્‌ગુરૂદેવ મળ્યા હોય, તેની જેણે શરણાગતિ લીધી હોય તેને નિરાશ થવાની જરૂર નથી. બિલાડીના બચ્ચા નાના હોય ત્યારે સંપૂર્ણ પણે તેની માતાને આધીન હોય છે તે રીતે આપણે સંપૂર્ણ રીતે ભગવાનને આધીન રહીએ. સંયમ-નિયમ, વ્રત સદાચારનું પાલન સંપૂર્ણ ન થઈ શકે તો પણ વાંધો નહી, કેવળ પ્રમાણીક પ્રયત્ન કરીએ અને પરમાત્માને પ્રાર્થના કરીએ, મરણનું સ્મરણ રાખીએ, શ્રી હરિ સતત મારા હૃદયમાં છે તેનું હંમેશા સ્મરણ રાખીએ તો કોઈ વાત અશક્ય કે અસંભવિત નથી.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ભાવનગરના (હાલ સુરત) સ્વ. ભગવાનભાઈ જીવરાજભાઈ સુતરીયા (ઉંમર વર્ષ ૬૦) સંવત ૨૦૭૨ કારતક વદ ૧૧ ને તા. ૦૭/૧૨/૨૦૧૫ ને સોમવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

# અખંડ જીવન જ્યોત, પદયાત્રા



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી તા. ૧૭-૦૨-૨૦૧૬ ના દિવસે ભાવનગર પધારશે.

**તા. ૧૭-૦૨-૨૦૧૬ ના રોજ ભાવનગરમાં પ.પૂ. સ્વામીજીનો કાર્યક્રમ**


- શ્રી માધવાનંદ આશ્રમ પટેલપાર્ક સવારે ૧૦.૦૦ કલાકે
- શ્રી માધવાનંદ આશ્રમ કાળીયાબીડ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
- શ્રી માધવાનંદ આશ્રમ શિવાહંનગર રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ કલાકે

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની પવિત્ર જન્મભૂમિમાં **''અખંડ જીવન જ્યોત''** મંદિરનું નવનિર્માણ પીપળીયા મુકામે થયેલ છે. પૂજ્ય સ્વામીજી મહારાજશ્રી સુદ અગીયારસ-ની તીથીએ બ્રહ્મલીન થયા તો આ પવિત્રયાત્રા ધામના દર્શને મહા સુદ અગીયારસની ઉજવણી પ્રસંગે ભાવનગરથી પીપળીયા મુકામે એક ભવ્ય **અખંડ જીવન જ્યોત**ના દર્શનાર્થે પદયાત્રાનું આયોજન તા. ૧૮-૦૨-૨૦૧૬ ની વહેલી સવારે ૩.૦૦ કલાકે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં પદયાત્રા રવાના થશે.

આ પદયાત્રાનું આયોજનમાં મુખ્ય સાચપરા પરિવાર અધેવાડાવાળા તરફથી થશે અને પદયાત્રાની માહિતી અને જોડાવા માટે શ્રી વી. ડી. પટેલનો સંપર્ક કરવો. મો. ૯૪૨૬૨૧૦૧૪૯

આ પદયાત્રામાં સ્વામીશ્રીના સત્સંગ અને દર્શન માટે ભાવીક ભક્તજનોને જોડાવા વી. ડી. પટેલ દ્વારા આમંત્રણ છે.

## સત્સંગ સમાચાર (પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ)



### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (સિમલીયા)

- કથા પ્રારંભ : પોષ વદ ૧૧ ને ગુરૂવાર તા. ૦૪-૦૨-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : પોષ વદ અમાસને સોમવાર તા. ૦૮-૦૨-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : મહા સુદ ૨ ને બુધવાર તા. ૧૦-૦૨-૨૦૧૬
- આયોજક : ઝાલા ચૌહાણ કરણસિંહ,સરદારસિંહ, લક્ષ્મણસિંહ કરણસિંહ, ખુમાણસિંહ કરણસિંહ તથા સહપરિવાર. મો. ૯૬૮૭૭ ૬૨૬૫૧
- કથા સ્થળ : મુ. સીમલીયા, તા. ઘોઘંબા, જી. પંચમહાલ

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (કુંભારી)

- કથા પ્રારંભ : મહા સુદ ૬ ને શનિવાર તા. ૧૩-૦૨-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : મહા સુદ ૧૦ ને બુધવાર તા. ૧૭-૦૨-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : મહા વદ ૧૨ ને શુક્રવાર તા. ૧૯-૦૨-૨૦૧૬
- આયોજક : ગુલાબભાઈ રતનજીભાઈ પટેલ તથા સુરેશભાઈ ગુલાબભાઈ પટેલ તથા નયનાબેન સુરેશભાઈ પટેલ તથા સહપરિવાર. મો. ૯૮૨૫૪ ૫૪૫૮૭
- કથા સ્થળ : મુ. કુંભારી, તા. ઓલપાડ, જી. સુરત.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (ખંભાત)

- કથા પ્રારંભ : મહા સુદ પૂનમને સોમવાર તા. ૨૨-૦૨-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : મહા વદ ૪ ને શુક્રવાર તા. ૨૬-૦૨-૨૦૧૬
- કથા પૂર્ણાહૂર્તિ : મહા વદ ૬ ને રવિવાર તા. ૨૮-૦૨-૨૦૧૬
- આયોજક : જયંતિભાઈ ઠાકરશીભાઈ પટેલ તથા સહપરિવાર. મો. ૯૯૦૯૪ ૫૦૨૦૫
- કથા સ્થળ : મુ. ખંભાત, તા. ખંભાત, જી. આણંદ.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (સોખડા)

- કથા પ્રારંભ : મહા વદ ૯ ને ગુરૂવાર તા. ૦૩-૦૩-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : મહા વદ ૧૩ ને સોમવાર તા. ૦૭-૦૩-૨૦૧૬
- કથા પૂર્ણાહૂર્તિ : મહા વદ અમાસને બુધવાર તા. ૦૯-૦૩-૨૦૧૬
- આયોજક : રાજેશભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા સહપરિવાર. મો. ૭૭૨૫૦ ૨૬૫૮૪
- કથા સ્થળ : મુ. સોખડા, તા. ખંભાત, જી. આણંદ.



### પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ


- તા. ૧૨-૦૨-૨૦૧૬ લાછડી-મહેસાણા. - તા. ૧૫-૦૨-૨૦૧૬ કમાણા-મહેસાણા.
- તા. ૧૭-૦૨-૨૦૧૬ કોલવડા (ગીરીતા) મહેસાણા.
- તા. ૧૯-૦૨-૨૦૧૬ આંતર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ પૂનમ ઉજવવા પધારશે.
- મહાસુદ પૂનમ સમસ્ત બાપુનગરના સેવકો દ્વારા ઉજવવામાં આવશે.
- નોંધ : તા. ૨૧-૦૨-૨૦૧૬ ને રવિવારે પૂનમનો ઉત્સવ ઉજવવામાં આવશે.
- તા. ૨૮-૦૨-૨૦૧૬ દેવગાણા (શિહોર) - તા. ૦૨-૦૩-૨૦૧૬ ભાવનગર
- તા. ૦૭-૦૩-૨૦૧૬ આંતર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમમાં મહિલા મંડળ તરફથી મહાશિવરાત્રી ઉત્સવમાં પધારશે.



### પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ

- તા. ૦૧-૦૨-૨૦૧૬ થી તા. ૨૮-૦૨-૨૦૧૬ સુધી શ્રી પ્રેમપુરી સત્સંગ મંડળ સત્યમ બિલ્ડીંગ મિસ્ત્રી કોમ્પ્લેક્ષ, જેબી નગર, અંધેરી (ઈસ્ટ) મુંબઈ રોકાશે તથા સવારે ૭.૩૦ થી ૮.૩૦ બૃહદારણીય ઉપનિષદ ભાસ્ય તથા સાંજે ૫.૦૦ થી ૬.૦૦ શ્રીમદ્ ભગવદ ગીતા ભાસ્યના પ્રવચનો કરાશે.

## સત્સંગ સમાચાર પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા. ૦૯-૦૨-૨૦૧૬ સાંજે વલસાડ
- તા. ૧૩-૦૨-૨૦૧૬ સાંજે સુરત
- તા. ૧૫-૦૨-૨૦૧૬ ચાણોદ થઈ સુઘડ આશ્રમે સાંજે
- તા. ૧૬-૦૨-૨૦૧૬ પરમ પૂજ્ય સ્વામીશ્રી નાગેશ્વરાનન્દજી મહારાજશ્રીનો ૯૪ મો નિર્વાણ જયંતિ ઉત્સવ મુ. ભુવાલડી, બાબાની ડેરી, તા. દસકોઈ, જી. અમદાવાદ.
- તા. ૧૭-૦૨-૨૦૧૬ સવારે ભાવનગર, રાત્રે પીપળીયા
- તા. ૧૮-૦૨-૨૦૧૬ "અખંડ જીવન જ્યોત" સુદ અગીયારસ, સમુહભીક્ષા
- તા. ૧૮-૦૨-૨૦૧૬ બપોર પછી મુ. જાળીલા, તા. રાણપુર, જી. બોટાદ.

સંપર્ક : હરિભાઈ વિઠ્ઠલભાઈ ચકલાસીયા મો. ૯૮૨૫૨ ૭૬૩૭૦

- તા. ૨૦-૦૨-૨૦૧૬ બપોર પછી સુઘડ આશ્રમ
- તા. ૨૩-૦૨-૨૦૧૬ ઓઝરાળા તા. ઠાસરા, જી. ખેડા

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (ઓઝરાળા)

- કથા પ્રારંભ : મહા વદ ૨ ને બુધવાર તા. ૨૪-૦૨-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : મહા વદ ૫ ને રવિવાર તા. ૨૮-૦૨-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : મહા વદ ૭ ને મંગળવાર તા. ૦૧-૦૩-૨૦૧૬
- કથાનો સમય : સવારે ૯ થી ૧૧, બપોર પછી ૩ થી ૫
- આયોજક : મહિલામંડળ તથા સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, ઓઝરાળા.
- કથા સ્થળ : મુ. ઓઝરાળા, તા. ઠાસરા, જી. ખેડા.
- તા. ૦૨-૦૩-૨૦૧૬ ના પરમ પૂજ્ય સ્વામીશ્રી ચિદાનન્દજી મહારાજશ્રીનો ૭૧ મો નિર્વાણ જયંતિ ઉત્સવ. મુ. ઓઝરાળા
- તા. ૦૨-૦૩-૨૦૧૬ બપોર પછી આંકલાવ
- તા. ૦૫-૦૩-૨૦૧૬ આસોદર
- તા. ૦૭-૦૩-૨૦૧૬ મુ. કંથારીયા, તા. આંકલાવ, જી. આણંદ
- તા. ૧૦-૦૩-૨૦૧૬ પરમ પૂજ્ય સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીનો ૩૯ મો નિર્વાણ જયંતિ ઉત્સવ. મુ. કંથારીયા, તા. આંકલાવ, જી. આણંદ
- આયોજક : સ્વ. શાંતિભાઈ પટેલના પરિવાર તરફથી

### સિંહસ્થ પૂર્ણ કુંભમેળો ઉજ્જૈન (મધ્યપ્રદેશ)

- તા. ૧૦-૦૪-૨૦૧૬ ના રોજ સાંજે પરમ પૂજ્ય સ્વામીજી મહારાજ રેલ્વે દ્વારા નિકળશે.
- તા. ૧૧-૦૪-૨૦૧૬ સવારે પાંચ વાગે ઉજ્જૈન પહોચશે.
- તા. ૧૧-૦૪-૨૦૧૬ સોમવાર સિંહસ્થ પૂર્ણ કુંભમેળામાં સાવરણી પ્રવેશ
- તા. ૧૪-૦૪-૨૦૧૬ ગુરૂવાર સંતોને સમષ્ટી ભંડારો
- તા. ૨૨-૦૪-૨૦૧૬ શુક્રવાર ચૈત્રી સુદ પૂનમ પ્રથમ શાહી સ્નાન
- તા. ૦૯-૦૫-૨૦૧૬ સોમવાર વૈશાખ સુદ અખાત્રીજ બીજુ શાહી સ્નાન
- તા. ૧૭-૦૫-૨૦૧૬ મંગળવાર વૈશાખ સુદ ૧૧ પરમ પૂજ્ય સ્વામીજીશ્રીનો ૧૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ
- તા. ૨૧-૦૫-૨૦૧૬ શનિવાર વૈશાખ સુદ પૂનમ ત્રીજુ શાહી સ્નાન
- **કુંભ મેળમાં સર્વો ભાઈ-બહેનો સેવકભાઈઓને આવવા માટે તા. ૧૫-૦૩-૨૦૧૬ સુધીમાં સુચના આપવી, જેથી વ્યવસ્થા કરી શકાય.**

**સંપર્ક રમેશભાઈ સુતરીયા - ૯૮૨૫૫ ૫૨૫૭૦, લવજીભાઈ માંગુકીયા - ૯૮૯૮૩ ૭૬૬૬૧**








પ.પૂ. શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીની પ્રતિમાં તેમજ સદ્‌ગુરૂવર્ય સાથે તા. ૩૧-૧૨-૨૦૧૫ના શુભદીને
પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં મહામંડલેશ્વરવૃદ તેમજ
સંતો મહંતો તથા સેવક સમુદાય સાથે પીપળીયા ગામમાં ભવ્યાતી ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવી હતી.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**




**પ.પૂ. શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૫મો નિર્વાણ જયંતિ મહોત્સવ તા. ૧-૧-૨૦૧૬ના રોજ પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં મહામંડલેશ્વરવૃંદ તેમજ સંતો મહંતો તથા સેવક સમુદાય સાથે પીપળીયા ગામે ધામધુમથી ઉજવાયો હતો.**

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**"વેદ રહસ્ય કાર્યાલય"**
**શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,**
**કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.**
**ફોન નં.:- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦**

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-